- નીચે આપેલી સંજ્ઞાઓનું વર્ગીકરણ કરો.

  મહેસાણા, ઇરાન, ખાંડ, સેના, ઊંઘ, પશુ, માણસ, જૂનાગઢ, ઘી, ટુકડી, પ્રેમ, પક્ષી.

| જાતિ વાચક | વ્યક્તિવાચક | દ્રવ્યવાચક | સમૂહવાચક | ભાવવાચક |
|---|---|---|---|---|
| | | | | |

## ૪.૧૦ તત્સમ – તદભવ શબ્દો

* **તત્સમ શબ્દો :** 'તત્સમ' નો અર્થ 'તેના જેવો' એવો થાય. જે શબ્દો સંસ્કૃતથી અભિન્ન હોય – સંસ્કૃતમાં એ જ રીતે પ્રચલિત હોય તેને તત્સમ શબ્દો કહેવાય.

- જેના અંતે 'ઇક' પ્રત્યય હોય તેવા તત્સમ શબ્દો - આકસ્મિક, દૈનિક, નૈસર્ગિક વગેરે...
- જેના અંતે 'ઇત' પ્રત્યય હોય તેવા તત્સમ શબ્દો – અનિશ્ચિત, આધારિત, પ્રદર્શિત વગેરે...
- જેના અંતે 'અનીય' પ્રત્યય હોય તેવા તત્સમ શબ્દો – અનુકરણીય, ઇચ્છનીય, દર્શનીય વગેરે...
- જેના અંતે 'ઇય' પ્રત્યય હોય તેવા તત્સમ શબ્દો – ચુંબકીય, તુરીય, પૂજનીય વગેરે...

* **તદભવ શબ્દો :** સંસ્કૃતના જે શબ્દો પ્રાકૃત અને અપભ્રંશની ભૂમિકાઓમાંથી પસાર થઇ વર્ણ વિકાર પામીને ગુજરાતીમાં આવ્યા છે, તે તદભવ શબ્દો ગણાય છે. 'તદ' એટલે 'તે'. મૂળ પ્રકૃતિ સંસ્કૃતમાંથી વર્ણ વિકાર પામીને ઉદભવેલા શબ્દો તે તદભવ શબ્દો. દા.ત. હાથ, આંખ, પંખી, મીઠું, ઉનું, કણબી વગેરે...

## ૪.૧૧ વિરામ ચિહ્નો

" ક્યારેક હસતાં મૂકી દે આ જિંદગી, ક્યારેક રડતાં મૂકી દે આ જિંદગી !
ના પૂર્ણ વિરામ સુખોમાં, ના પૂર્ણ વિરામ દુ:ખોમાં,
બસ જયાં જુઓ ત્યાં અલ્પ વિરામ મૂકી દે આ જિંદગી ! "

ભાષાની ઉક્તિમાં જે અટક સ્થાનો (યતિ) છે. તે દર્શાવવા તેમજ ઘણીવાર અર્થની દ્રષ્ટીએ વાક્યના ઘટકોનો જુદી-જુદી જાતનો સંબંધ દર્શાવવા લેખનમાં જે ચિહ્નો વપરાય છે. તેને વિરામ ચિહ્નો કહે છે.

* **નીચે આપેલા વિરામ ચિહ્નોના નામ સામે તેના સંકેતો (ચિહ્નો) દર્શાવો. અને તેની નીચે આપેલી જગ્યામાં ઉદાહરણ રૂપે વાક્યમાં દર્શાવો.**

(૧) પૂર્ણ વિરામ - ______________________

______________________________________

(૨) અલ્પ વિરામ - ______________________

______________________________________

(3) અર્ધ વિરામ - ______________________

______________________________________

(૪) પ્રશ્નાર્થ ચિહ્ન - ______________________

______________________________________

(૫) ઉદગાર ચિહ્ન - ______________________

______________________________________

(૬) ગુરુ વિરામ ચિહ્ન - ______________________

______________________________________

(૭) અવતરણ ચિહ્ન - ______________________

______________________________________

(૮) રેખા ચિહ્ન - ______________________

______________________________________________

(૯) કૌંસ - ______________________

______________________________________________

(૧૦) લોપ ચિહ્ન - ______________________

______________________________________________

(૧૧) કાકપદ ચિહ્ન - ______________________

______________________________________________

(૧૨) ફૂદડી ચિહ્ન - ______________________

______________________________________________

(૧૩) ગુરુ અપસારણ ચિહ્ન - ______________________

______________________________________________

## ૪.૧૨ નામપદ – ક્રિયાપદ

* નીચે આપેલાં વાક્યો વાંચો. તેમાં લીટી કરેલાં શબ્દોમાંથી નામપદ અને ક્રિયાપદ જુદાં પાડો.

| | નામપદ | ક્રિયાપદ |
|---|---|---|
| (૧) મેદાનમાં એક ટેકરો હતો. | - ____________ | - ____________ |
| (૨) સિંહાસન પર પરીઓ હતી. | - ____________ | - ____________ |
| (૩) મેદાનમાં ખોદકામ શરૂ થયું. | - ____________ | - ____________ |
| (૪) ગોવાળીયા રમવા લાગ્યા. | - ____________ | - ____________ |

## ૪.૧૩ સંયોજક

- એકમાં સામાન રખાયો અને બીજામાં પૂજ્ય બાપુજીને સુવા બેસવાનું રાખ્યું.
- આ છોકરી મારી પૌત્રી છે પણ બિચારી ભલી ભોળી છે.
- એમાંથી ભલે ગમે તેટલું ઓછું હું ગ્રહણ કરી શકી છતાં મારા જેવીને ઘડતરનો લહાવો મળ્યો.

ઉપરનાં વાક્યો વાચતા તમે જોયુ હશે કે 'અને', 'પણ', 'છતાં' જેવા શબ્દોની મદદથી બે વાક્યોમાંથી એક વાક્ય બને છે. એટલેકે આ શબ્દો બે વાક્યોને જોડવાનું કામ કરે છે. આપણી ભાષામાં આવા બે વાક્યોને જોડનારા શબ્દોને સંયોજકો કહે છે.

સંયોજકો પદ, પદો, પદસમૂહો, પદવાકયો કે વાક્યખંડોને જોડવાનું કામ કરે છે. 'ને', 'એટલે', 'તો', 'ત્યારે', 'કે', 'ત્યાં', 'છતાં', 'એટલું', 'અને', 'અથવા' જેવા સંયોજકો જાણીતા છે. સંયોજકોથી પદો, વાક્ય સમૂહો, વાક્યો કે વાક્યખંડો જોડતા જ નથી પરંતુ ભાષાની લાઘવ સાથેની ચોટ પણ ઉત્પન્ન થાય છે.

## ૪.૧૪ વિશેષણો

વિશેષણ સંજ્ઞાઓના અર્થમાં વધારો કરે છે. તેને સુંદરતા પ્રદાન કરે છે. વિશેષણના પ્રકારો નીચે મુજબ છે.

### (૧) ગુણવાચક વિશેષણ

જે વાક્યમાં સંજ્ઞાનો ગુણ દર્શાવવામાં આવ્યો હોય તે પદને ગુણવાચક વિશેષણ કહે છે.

દા.ત. - સુરત મોટું શહેર છે.

ચંદ્રની ચાંદની શીતળ છે.

### (૨) સંખ્યાવાચક વિશેષણ

જે વાક્યમાં સંજ્ઞાની સંખ્યા દર્શાવવામાં આવી હોય તે પદને સંખ્યાવાચક વિશેષણ કહે છે.

દા.ત. – કીડીને <u>છ</u> પગ છે. તેમણે આ પુસ્તક <u>સો</u> રૂપિયામાં ખરીદ્યુ.

### (૩) ક્રમવાચક વિશેષણ

જે વાક્યમાં સંજ્ઞાનો ક્રમ દર્શાવવામાં આવ્યો હોય તે પદને ક્રમવાચક વિશેષણ કહે છે.

દા.ત. – નિરજ <u>પ્રથમ</u> નંબરે પાસ થયો. <u>પહેલું</u> સુખ તે જાતે નર્યા.

### (૪) પ્રમાણવાચક વિશેષણ

જે વાક્યમાં સંજ્ઞાનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું હોય તે પદને પ્રમાણવાચક વિશેષણ કહે છે.

દા.ત. – આજે ગરમી <u>વધારે</u> છે. મારે આજે <u>ઘણું</u> લખવાનું છે.

### (૫) પ્રશ્નવાચક વિશેષણ

જે વાક્યમાં શબ્દો વડે પ્રશ્ન પૂછીને કંઇક વિશેષતા દર્શાવવામાં આવી હોય તે વિશેષણને પ્રશ્નવાચક વિશેષણ કહે છે.

દા.ત. – એવું તમે <u>શી</u> રીતે કહી શકો ? આપણે <u>શું</u> કામ કરવાનું છે ?

### (૬) દર્શક વિશેષણ

જે વાક્યમાં ચોક્કસ વ્યક્તિ કે વસ્તુને સૂચવતાં/દર્શાવતા શબ્દો દર્શાવવામાં આવ્યા હોય તે વિશેષણને દર્શક વિશેષણ કહે છે.

દા.ત. – <u>તે</u> પંખીની ઉપર પથરો ફેંકતા ફેંકી દિધો. રામ <u>આ</u> દિશામાં ગયા. <u>પેલા</u> ઘરેથી પાણી લઇ આવો.

## ૪.૧૫ વાક્યના પ્રકારો

- **વિધાન વાક્ય**

  જે વાક્યમાં હકીકતનું સીધું કથન કરવામાં આવ્યું હોય એટલે કે નિવેદન હોય તે વાક્યને વિધાનવાક્ય કહેવાય.

  ઉ.દા. સવારનો સૂર્ય સુંદર લાગે છે. રોજ એક કલાક રમવું જોઇએ.

- **પ્રશ્ન વાક્ય**

  જે વાક્યમાં હકીકત વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો હોય તેને પ્રશ્ન વાક્ય કહે છે. તેમાં વાક્યની અંતે પ્રશ્નાર્થ ચિહ્ન મૂકવામાં આવે છે. જેમાં ‘શું’, ‘કોણ’, ‘ક્યુ’, ‘ક્યારે’, ‘કેમ’, ‘કોને’, ‘ક્યાં’ જેવા પ્રશ્નાર્થ સુચક શબ્દોનો ઉપયોગ કરીને વાકયની રચના થાય છે. પ્રશ્નાર્થ સુચક શબ્દો વાપર્યા વિના પણ પ્રશ્ન વાક્ય બનાવી શકાય.

  ઉ.દા. તમે પુસ્તક વાંચો છો ? તમે આજે આવ્યા ?

- **ઉદગાર વાક્યો**

  જે વાક્ય વાચતા આશ્ચર્યનો ભાવ ઉત્પન્ન થતો હોય તેને ઉદગાર વાક્ય કહેવાય. આમ, આવા વાક્યમાં હકીકત વિશે અચરજ, નવાઇ, આશ્ચર્ય, શોક, હર્ષ, ઉલ્લાસ જેવી લાગણીઓ પ્રગટ થતી હોય છે.

  ઉ.દા. વાહ ! કેટલું મનોહર ચિત્ર ! આજે આપણે કેવી મધુર કવિતાઓ સાંભળી !

## ૪.૧૬ અર્થપૂર્ણ શબ્દો બનાવો.

* આડાઅવળા અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દો બનાવો.

- દી બં ન ધુ - ____________________ - બિં પ્ર તિ બ - ____________________
- ય નિ મિ ત - ____________________ - ની કૂ દા લ - ____________________

- ણા ક્ષિ દ પ્ર - ____________ - લ ત ક મિ - ____________
- મા જિ સા ક - ____________ - ત આ કિ જ્ઞાં - ____________
- જા ર્તિ પૂ મૂ - ____________ - પ ધૂ ળી સ - ____________
- લી સ ખિ કો - ____________ - ત સુ ષિ ભા - ____________
- તૃ મા મિ ભૂ - ____________ - હ્રોં ર શિ યા - ____________

## ૪.૧૭ સમાનાર્થી દેખાતાં શબ્દોનો અર્થભેદ

નીચેના શબ્દો સામાન્ય રીતે સમાનાર્થી શબ્દો તરીકે ઓળખાય છે. પરંતુ તેમની વચ્ચે રહેલો ભેદ ધ્યાનમાં રાખવો જોઇએ.

ઉ.દા. અમૂલ્ય - કિંમત આંકી ન શકાય તેવું. બહુમૂલ્ય - વિશેષ કિંમતવાળું

- નીચેના શબ્દોના અર્થ લખો.

અશક્ય - ____________________

અસંભવિત - ____________________

અહંકાર - ____________________

અભિમાન - ____________________

અહેવાલ - ____________________


નિવેદન - ____________________

## પ્રકરણ – ૫ સાહિત્યના પ્રકાર અને પ્રોજેક્ટ વર્ક

### ૫.૧. સાહિત્યના પ્રકાર :

સાહિત્યનો રસાસ્વાદ માણવા અને જાણવા માટે સાહિત્યના પ્રકારોથી આપણે વાકેફ હોવા જોઇએ. સાહિત્યના બે પ્રકાર છે. (૧) ગદ્ય અને (૨) પદ્ય.

સાહિત્યના પ્રકારો



## ૧. ગદ્ય :

સાહિત્ય ભાષાની આનંદદાયી પ્રવૃત્તિ છે. સાહિત્યના દરેક સ્વરૂપને પોતાના નિયમો અને પરંપરા હોય છે.ભાષામાં ગદ્ય સ્વરૂપનું શું તમે જાણો છો ? તો નીચેના ગદ્યો વિશે એક - બે વાક્યો લખો.

(૧) નવલિકા : ______________________________

______________________________

(૨) નિબંધ : ______________________________

______________________________

(3) ચરિત્ર સાહિત્ય : ______________________________

______________________________

(૪) નવલકથા : ______________________________

______________________________

(૫) એકાંકી : ______________________________

______________________________

(૬) નાટક : ______________________________

______________________________

## (૨) પદ્ય :

ગુજરાતી સાહિત્યમાં પોતાના હૈયાની વાત હોઠ પર લાવવા માટે કાવ્ય/ગીતનો ઉપયોગ વધુ જોવા મળે છે, જેમા આપણે થોડામાં ઘણું પણ મીઠી રીતે પોતાની રજુઆત કરી શકીએ છીએ. પદ્ય ગેય પ્રકાર હોવાથી રસાસ્વાદ અભિભૂત થાય છે. નીચેના પદ્યો વિશે એક-બે લીટીમાં લખો.

(૧) લોકગીત : ______________________________

(૨) પદ : ______________________________

______________________________

(3) ઊર્મિકાવ્ય : ______________________________

______________________________

(૪) દુહા : ______________________________

______________________________

(૫) ગીત : ______________________________

______________________________

(૬) સૉનેટ : ______________________________

______________________________

(૭) ચોપાઇ : ______________________________

______________________________

(૮) આખ્યાન : ______________________________

______________________________

(૯) મુક્તક : ______________________________

______________________________

(૧૦) હાઇકુ : ______________________________

______________________________

(૧૧) ભજન : ____________________________________________

____________________________________________

(૧૨) ગઝલ : ____________________________________________

____________________________________________

## ૫.૨. પ્રોજેક્ટ વર્ક :

શાળા કક્ષાએ વિદ્યાર્થીના વ્યક્તિત્વ વિકાસ અને નેતૃત્વના ગુણોનું સિંચન કરવાનું ઉમદા કાર્ય એટલે પ્રોજેક્ટ કાર્ય. જેના વડે દરેક વિદ્યાર્થીની અંદર છૂપાયેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

**• પ્રોજેક્ટ કાર્ય એટલે :**

જાહેર સ્થળોની જાળવણી, તેનો વિવેકપૂર્વક ઉપયોગ તથા તેની સ્વચ્છતા જાળવવાની સભાનતા કેળવે છે.

સર્જનાત્મક કૌશલ્ય વિકાસ અંગેનો પ્રોજેક્ટ બનાવવા માટે માર્ગદર્શક માહિતી, રેલવે સ્ટેશન, પોસ્ટઓફિસ, લાયબ્રેરી, બસ સ્ટેશન, વ્યવસાયકારો વગેરેની મુલાકાત માટે આટલું ધ્યાનમાં રાખવું જરૂરી છે.

(૧) જે તે સ્થળની પૂર્વ મંજૂરી. (૨) આયોજન (૩) વર્ગના વિદ્યાર્થીઓનું જૂથ વિભાજન. (૪) જે તે સ્થળની મુલાકાત લેવી. (૫) પ્રોજેક્ટને લગતી જરૂરી બાબતો/ચિત્રો/વસ્તુઓ એકત્ર કરવી. (૬) સંદર્ભ સામગ્રી/સાહિત્યનો ઉપયોગ. (૭) જાહેર સ્થળ પર જોવા મળેલ સૂત્રો/ચિહ્નો/પ્રતીકો વગેરે લખવા. (૮) સમગ્ર કાર્યનો અહેવાલ તૈયાર કરીને પ્રોજેક્ટ ફાઇલ બનાવવી. (૯) અહેવાલમાં જરૂરી ચિત્રો/જરૂરી વિવિધ સામગ્રીને સાથે જોડવી.

**• પ્રોજેક્ટ કાર્ય :**

- ➢ પોસ્ટઓફિસની મુલાકાત લઇ નીચેના મુદ્દા સંદર્ભે પ્રોજેક્ટ કાર્ય કરો.
- ➢ પોસ્ટઓફિસમાં મળતી સેવા અને સુવિધા વિશે જાણવું.
- ➢ પત્રવ્યવહાર વિશે જાણવું.
- ➢ વિવિધ ટપાલ ટિકિટો અંગે જાણકારી મેળવવી.
- ➢ વપરાય ગયેલ ટપાલ/ટિકિટો એકત્ર કરી અંક બનાવવો.
- ➢ વિવિધ જગ્યાના પીનકોડ નંબરોની જાણકારી મેળવવી. દા.ત.,રાજપીપળા- પીન નં.૩૯૩૧૪૫
- ➢ અહેવાલ - ચિત્ર

**• સ્થાનિક શિલ્પ-સ્થાપત્યોની મુલાકાત( શિલ્પકારની મુલાકાત):**

શિલ્પકારની મુલાકાત - ઘરની પરિસ્થિતિ-ઘરમાં કુલ સભ્યો-વાર્ષિક આવક-ઘરમાં સગવડ કેવી છે.-પરિવારના કેટલા સભ્યો વ્યવસાયમાં જોડાયેલા છે-સાધન સંપત્તિની વિગત-રોજીંદી આવક સામે ખર્ચ-શિલ્પકામમાં વપરાતી સાધનસામગ્રી અને તેનો ઉપયોગ-સાધનોનો મૂદ્દાવાર ઉપયોગ-વિગતે ચરિત્ર અહેવાલ.

## પ્રકરણ – ૬ એકમ શિક્ષણમાં E.R.A.C. નો ઉપયોગ

ભાષા પાઠયપુસ્તકની વિશેષતા તેનો E.R.A.C. અભિગમ છે. ભાષા શિક્ષકે વિષયવસ્તુ દ્વારા વિદ્યાર્થીને ભાષા અને ભાષાના વિવિધ કૌશલ્યો સિદ્ધ કરાવવા વિશેષ કાળજી લેવાની છે. અભિગમના આ ચાર ચરણ છે.

Experience – અનુભવ

Refiecation - ચિંતન

Application – અનુપ્રયોગ

Consilidation – નિષ્કર્ષ, સમેટવું

આ મુજબ સાચા અર્થમાં ભાષાશિક્ષણ મળે તેવા સઘન પ્રયત્નો કરવાના છે. દરેક પ્રવૃત્તિને આ ચાર ચરણ મુજબ સિદ્ધ કરાવવાની છે. E.R.A.C. અભિગમ દ્વારા ભાષાશિક્ષણ વધુ અસરકારક બનતુ અનુભવી શકાશે.

## ૬.૧. દાર્શનિક પાઠ

### ❖ ધોરણ -૬ એકમ : ૩ - દ્વિદલ (પ્રથમસત્ર) :

(અહીં મુકવામાં આવેલ દાર્શનિક પાઠ એક નમૂનારૂપ છે. શિક્ષક પોતાની આગવી આવડતથી એમા યોગ્ય ફેરફાર કરી પાઠને વધુ અસરકારક બનાવી શકે છે.)

**• વિશિષ્ટ હેતુઓ :**

- ➢ વાર્તાઓ, વર્ણનો, કિસ્સાઓ સાંભળે અને સમજે.
- ➢ વાર્તાઓ રજૂ કરે અને વક્તવ્ય આપે.
- ➢ કોઇ પણ એક શબ્દ કે વિચાર પરથી ફકરાનું લેખન કરે.
- ➢ વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરે.
- ➢ વાંચેલી સામગ્રીમાંથી કાર્યકારણ સંબંધો તારવી ઉત્તર આપે.
- ➢ લેખકના વિચારો કૃતિના સંદર્ભમાં મૂલવે, વિચારોને વિસ્તૃત કરે અને સમીક્ષા કરે.
- ➢ લેખકની શૈલી સમજવા પ્રયત્ન કરે અને લેખકની મૂળ કૃતિ વાંચવા પ્રેરાય ('સાયલન્સ પ્લીઝ" , 'મોતીચારો" , 'પ્રેમનો પગરવ" , 'ઉંદરભાઇને આંખો આવી")
- ➢ ગુજરાતી સાહિત્ય પ્રત્યે અભિરૂચી કેળવાય.

**• પદ્ધતિ/પ્રયુક્તિ/પ્રવિધિ :**

- ➢ કથન પદ્ધતિ - ચર્ચા પદ્ધતિ - પ્રશ્નોત્તર પદ્ધતિ - પ્રોજેકટ પદ્ધતિ- પ્રવાસ/પર્યટન/મુલાકાત

**• શૈક્ષણિક સાધનો :**

- ➢ શિલ્પ - સ્થાપત્યનો ચાર્ટ - બાળવાર્તા - બોધવાર્તાના પુસ્તક - સૂત્રોનો ચાર્ટ, સૂચનાઓનો ચાર્ટ - વીડિયો ક્લીપ

**• વિષયાભિમુખ :**

(૧) તમારા ગામમાં/શહેરમાં ક્યા ક્યા મંદિરો આવેલા છે ?

(૨) આ મંદિરોમાંથી તમે કયા કયા મંદિરો જોયેલા છે ?

(3) તમારા ગામમાં/શહેરમાં આવેલા ઐતિહાસિક સ્થળો જોયેલા છે ? કયા કયા ?

**• વિષયવસ્તુની રજૂઆત :**

- ➢ આદર્શ વાંચન – કથન - વાર્તાની રજૂઆત - ઉકેલ અને તારણ - શબ્દ કે વિચાર પરથી લેખન - શબ્દ ભંડોળ - મુદ્દા પરથી વાર્તા

**• વિષયાંગની સ્પષ્ટતા :**

અહીં બાળકોએ આપેલા જવાબોને આધારે શિક્ષક વિષયાંગની સ્પષ્ટતા કરશે. એકમનું શુદ્ધ ઉચ્ચારણ સાથેનું આદર્શ વાંચન કરશે. વ્યક્તિને લખતાં - વાંચતાં આવડે, હોંશિયારી વધે, વિષયનું જ્ઞાન વિકસે, તાલીમ મળે,માણસ સારો બને, સાચો બને, વિવેકી બને, સારાનરસાને ઓળખે અને સારી બાબત ગ્રહણ કરી પોતાનું વ્યક્તિત્વ તેજસ્વી બનાવે.માત્ર તેની બુદ્ધિ ન વિકસે, આત્મા, હૃદય અને સમજ પણ ખીલે. બહુ જ સાદા પ્રસંગ દ્વારા, પોતાના જીવનના સાચા અનુભવ દ્વારા લેખકે કેળવણીના એક મોટા વિચારને સરળતાથી પ્રગટ કર્યો છે.

• **પ્રવૃત્તિ :**

નીચેના કોષ્ટકમાં કામોની યાદી આપેલી છે. નીચે આપેલી સારણીનો ઉપયોગ કરી આ કામ ઘરના કયા -કયા સભ્યો કરે છે. તેની સામે ખરાની નિશાની કરો.

| કામ | પોતે | માતા | પિતા | ભાઇ | બહેન | અન્ય(કાકા-કાકી, દાદા-દાદી |
|---|---|---|---|---|---|---|
| ઘરમાં સામાન લાવવો | | | | | | |
| સફાઇ કરવી | | | | | | |
| પથારી કરવી | | | | | | |
| રસોઇ કરવી | | | | | | |
| કપડાં ધોવા | | | | | | |
| ટીવી જોવું | | | | | | |

તમે કહી શકશો કે સૌથી વધુ કામ કોણ કરે છે અને સૌથી ઓછું કામ કોણ કરે છે ? તમે કયું કયું કામ નથી કરી શકતા ? કેમ ? કામની સરખી વહેંચણી થઇ શકે તે માટે તમે શું કરી શકો ? વિચારીને વર્ગમાં ચર્ચા કરો.

• **મૂલ્યાંકન :**

➢ **શબ્દસમૂહ માટે યોગ્ય શબ્દનો ક્રમાંક લખો.**

(૧) લોકાનું નેતૃત્વ કરનાર

(ક) લોકમાન્ય (ખ) લોકસેવક (ગ) લોકપ્રિય (ઘ) લોકનાયક

(૨) બાગકામ કરનાર

(ક) ખેડૂત (ખ) માછી (ગ) માળી (ઘ) મજૂર

(૩) વર્તમાનપત્ર માટે ખબર લાવનાર

(ક) સંપાદક (ખ) ખબરપત્રી (ગ) વક્તા (ઘ) શ્રોતા

(૪) પથ્થરમાંથી સુંદર મૂર્તિ બનાવનાર

(ક) મૂર્તિકાર (ખ) ચિત્રકાર (ગ) શિલ્પકાર (ઘ) મૂર્તિપૂજક

(૫) હરણ જેવી આંખો વાળી

(ક) મૃગનયની (ખ) મીનાક્ષી (ગ) કમલાક્ષી (ઘ) નયનમૃગયા

• **સ્વાધ્યાય:**

➢ 'સાયલન્સ પ્લીઝ, મોતીચારો" ના પ્રસંગો વાંચી આ પ્રસંગો સાથે સરખાવો.

• **સંદર્ભ સાહિત્ય :**

➢ ડૉ. આઇ. કે. વીજળીવાળાના વિવિધ પુસ્તકો.

➢ 'સત્યના પ્રયોગો", 'મારી જીવન યાત્રા" જેવા પુસ્તકો.

• **મૂલ્યાંકન :**

આ એકમ અંર્તગત બાળકોમાં પ્રમાણિક્તાના ગુણ ખીલે એ અપેક્ષિત છે. આના માટે શાળા કક્ષાએ "રામહાટ""ની પ્રવૃત્તિ દ્વારા આ ગુણ ખીલવવાનો પ્રયત્ન કરવો.

**૬.૧.૨. દાર્શનિક પાઠ**

❖ **ધોરણ - ૭ એકમનું નામ : માલમ હલેસાં માર :**

• **વિશિષ્ટ હેતુઓ :**

- લોકગીત સમજે અને જાણે
- અર્થગ્રહણ શક્તિ અને અભિવ્યક્તિનો વિકાસ થાય
- શબ્દસમૃદ્ધિ વધે અને કાવ્યનો મુખ્ય વિચાર રજૂ કરવાની શક્તિ ખીલે.

• **પદ્ધતિ/પ્રયુક્તિ/પ્રવિધિ :**

- કાવ્ય પઠન
- કાવ્ય ગાન
- કાવ્ય ચર્ચા

• **વિષયાભિમુખ :**

કોઇ અજ્ઞાત કવિ દ્વારા રચાયેલા અને લોકજીવનના સરળ વેધક સંવેદનાનું પરંપરાગત આલેખન કરતા સુગેય ગીતને લોકગીત કહેવાય છે. આ ગીત વર્ષોથી લોકજીભે રમતા રહ્યા છે.

આવો આજે આપણે એવા એક લોકગીત વિશે શીખીએ. આપણી ખામી બાબતે કોઇ મ્હેણું મારે તો, દુ:ખી થવાના બદલે સુધરવા પ્રયત્ન કરીએ તો જીવનમાં સુખી થઇએ.નાનકડી ટકોર પણ જીવનને કેવું સરસ રૂપ આપી શકે !- આ લોકગીતમાં દિયર - ભાભીના મીઠા સંબંધોનું સરસ ચિત્ર પણ ઉપસી આવે છે.

માલમ મોટાં હલેસાં તુ માર,
    મારે જાવું મધદરિયાની પાર
મેણું માર્યું છે મને ભાભલડીએ,
    દે"ર આળહનો સરદાર;
હે....ભાઇ કમાય ને ભાઇ ઘોડલાં ખેલવે,
    એનો બળયો અવતાર રે...માલમ
જાવું છે મારે જાવા બંદરે જયાં
    લખમીનો નહિ પાર
હે...જાવે ગિયા કોઇ પાછા ન આવે,
    આવે તો બેડલો પાર રે...માલમ
જાવું છે મારે સિંહલદ્વીપમાં
    પરણવા પદમણી નાર;
હે...મોતીડે પોંકે જો ભાભલડી મારી
    તો તો જીવવામાં સાર રે...માલમ

કેસરભીનાં તમે જીવો ભાભલડી મારાં
જીવો જીભલડીની ધાર;
હે...મેણાં મારીને મારી મતિ સુધારી
ખોલ્યાં તે મનમાં દ્વાર રે...માલમ
માલમ મોટાં હલેસાં તુ માર,
મારે જાવું મધદરિયાની પાર...

કાવ્ય શિક્ષણ માટે ખાસ અગત્યની વાત એ છે કે કાવ્ય કાન અને મુખનું ઘરેણું છે. તેથી બાળકો વારંવાર કાવ્યનું ગાન કે પઠન કરે એ ખૂબજ જરૂરી છે. તેનાથી બાળકની ભાવના અને કલ્પના શક્તિ ખીલે અને બાળકની એકાગ્રતા ખીલે અને તેથી જ પ્રાર્થના સંમેલનમાં દરરોજ કાવ્યગાનને સ્થાન આપી શકાય.

**• મૂલ્યાંકન :**

જાવું છે મારે સિંહલદ્વીપમાં
પરણવા પદમણી નાર;
હે...મોતીડે પોંકે જો ભાભલડી મારી
તો તો જીવવામાં સાર રે...માલમ

ઉપર આપેલ કાવ્ય પંક્તિનો હાર્દ સમજાવો.

- બાળકોને પોતાની આસપાસ ગવાતા અને સાંભળેલા વિવિધ લોકગીતોનું ગાન કરાવવું અને લય, રાગ અને તાલ, મુખપાઠ જેવી બાબતોનું મૂલ્યાંકન કરવું.

**• નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(૧) ભાભીએ દિયરને કેવું મ્હેણું માર્યું ? (૨) દિયરને સિંહલદ્વીપ કેમ જવું છે ? (૩) દિયરને જીવનમાં સાર ક્યારે લાગે છ ?

**• વિચારો અને લખો :**

- તમારા વિસ્તારમાં ગવાતા લોકગીતોમાંથી તમને ગમતું એક ગીત લખી તેને રજૂ કરો.

**• પ્રોજેક્ટ વર્ક :**

- તમારા વિસ્તારની આસપાસ વિવિધ તહેવારોએ ગવાતા લોકબોલીમાં ગવાતા લોકગીતો એકઠા કરી હસ્તલિખિત અંક તૈયાર કરો.

**• પ્રવૃત્તિ**

નીચે આપેલી કહેવતો વાંચી તેની સામે તેની વિરોધી કહેવત લાખો.

(૧) ન બોલવામાં નવ ગુણ - ______________________

(૨) ચેતતા નર સદા સુખી - ______________________

(૩) આપ ભલા તો જગ ભલા - ______________________

(૪) ઓળખાણ મોટી ખાણ છે - ______________________

(૫) દયા ધર્મનું મૂળ છે. - ______________________

**૬.૧.૩ દાર્શનિક પાઠ** **ધોરણ - ૮ એકમ - ૧૭ : સંસ્કારની શ્રીમંતાઇ (દ્વિતીય સત્ર) :**

**• વિશિષ્ટ હેતુઓ :**

- ➢ વિચારોની આપલે કરતા થાય અને બીજાની સારી બાબત સ્વીકારતા થાય.
- ➢ સારીનરસી બાબતોના ભેદ પારખી યોગ્ય નિર્ણય લેતા થાય.
- ➢ જીવનમાં આવતી મુશ્કેલીઓનો સામનો કરતા થાય.
- ➢ દરેક પરિસ્થિતિમાં પોતાની કર્તવ્યભાવના જાણે.
- ➢ સાચી શ્રીમંતાઇ સંસ્કારમાં રહેલી છે તે જાણે અને કૌટુંબિક ભાવના વિકસે.

**• પદ્ધતિ/પ્રયુક્તિ/પ્રવિધિ :**

- ➢ નાટીયકરણ – સંવાદ – કથન – ચર્ચા - પ્રશ્નોત્તરી

**• શૈક્ષણિક સાધનો :**

- ➢ શબ્દકોષ, જોડણી કોષ - વિવિધ કહેવતોના અંક - સુવિચાર કે સૂક્તિનો ચાર્ટ

**• વિષયાભિમુખ :**

માનવજીવનની ઘટમાળ એ વિષય પ્રવેશ કરાવવા શિક્ષક નીચેના જેવા પ્રશ્નો કરશે. શિક્ષકશ્રી માનવજીવનની ઘટમાળ વિશે બાળકો અભિમુખ થાય તેવા પ્રયત્નો કરશે.

(૧) તમારા ઘરમાં કોણ કોણ રહે છે ? (૨) તમે પરિવાર કોને કહેશો ? (૩) પરિવારમાં કોણ કોણ આવે ?

(૪) તમારી દ્રષ્ટીએ કયો પરિવાર સારો ? વિભક્ત કે સંયુક્ત ?

**• વિષયવસ્તુના મુદ્દાઓ :**

- ➢ પાઠનું આદર્શ વાંચન - સુવિચાર કે સૂક્તિનો ગૂઢાર્થ સમજે. – વર્ણન - મુખ વાંચન અને મૂક વાચન. - વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ. – પ્રશ્નોત્તરી – લેખન – મૂલ્યાંકન - સ્થાનિક સ્રોતનો ઉપયોગ.

**• વિષયાંગની સ્પષ્ટતા :**

અહીં બાળકોએ આપેલા જવાબોને આધારે શિક્ષક વિષયાંગની સ્પષ્ટતા કરશે.

માનવજીવનની ઘટમાળ એવી છે કે સુખ પછી દુ:ખ, ચડતી પછી પડતી કુદરતના ક્રમ પ્રમાણે અવશ્ય આવતાં જ હોય છે. આવા સમયે જરા પણ વિચલિત થતા વગર સ્વસ્થતા જાળવી રાખી આવી પડેલી પરિસ્થિતિનો ખરા દિલથી સ્વીકાર કરવો એ જ સારા સંસ્કાર છે. એમાં જ સંસ્કારની શ્રીમંતાઇ રહેલી છે. એક સમય હતો જયારે શેઠ જગમોહનદાસ અને તેમનું કુટુંબ શ્રીમંતાઇમાં ઝૂલતું હતું. અચાનક ભાગ્યની દશા પલટાઇ. કારમી ગરીબી તેમના કુટુંબ ઉપર ઊતરી આવી ત્યારે પણ કુટુંબનો એક એક સભ્ય - અબાલવૃદ્ધ સૌ કોઇ સ્થિતિનો વાંક કાઢવાના બદલે પોતાના ભાગે આવતું કર્તવ્ય બજાવ્યાનું અને એકમેકને મદદરૂપ થવાનું ચાલું રાખે છે.

**• પ્રવૃત્તિ :**

(૧) ચર્ચા : આજની પરિસ્થિતિએ સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબની ચર્ચા કરી મુદ્દાઓની નોંધ કરો.

| સંયુક્ત કુટુંબ | વિભક્ત કુટુંબ |
|---|---|
| | |

(૨) ઉદાહરણ મુજબ શબ્દો બનાવો.

(૧) C મા - સીમા ગીત ગાય છે. આ પ્રમાણે શબ્દો બનાવી વિવિધ વાક્યો બનાવો.

(૨) G __ __ -

(૩) B __ __ -

(૪) K __ __ -

(૫) V __ __ -

(૩) નીચેના શબ્દોમાં અંગ્રેજી અર્થ સામે ગુજરાતી અર્થ લખો.

ઉ.દા. હોસ્પિટલ - રુગ્ણાલય

(૧) ડૉક્ટર - (૨) નર્સ -

(૩) એમ્બ્યુલન્સ - (૪) ડિસ્ચાર્જ -

(૪) આ પાઠને આધારે તમે જોયેલા કે અનુભવેલા કુટુંબ ભાવનાને ધ્યાને રાખી નાટયકરણ (પ્રોસેસ ડ્રામા) કરો.

**• મૂલ્યાંકન :**

આ વાર્તામાં ગુજરાતી ભાષા ઉપરાંત બીજી ભાષાઓના શબ્દોનો ઉપયોગ થયો છે. તે પાઠમાંથી શોધીને લખો:

- અંગ્રેજી : અરબી : ફારસી :

**• સંદર્ભ સાહિત્ય :**

- 'માનવીની ભવાઇ" - પન્નાલાલ પટેલ
- 'પરમ સમીપે" - કુંદનિકા કાપડિયા
- 'સરસ્વતીચંદ્ર" - ગોવર્ધનરામ ત્રિપાઠી
- 'મનનો માળો" - ડૉ. આઇ. કે. વીજળીવાળા
- 'મળેલા જીવ" - પન્નાલાલ પટેલ

**• E.R.A.C. પ્રવૃત્તિ :**

(૧) કોઇ પણ એક મૂળાક્ષર પરથી બનતા ૧૧ શબ્દો લખો.

(૨) ૨૧ શબ્દોમાંથી તમને વધું પસંદ હોય તેવા ૫ શબ્દો પસંદ કરો.

(૩) પસંદ કરેલા ૫ શબ્દો પૈકી દરેક શબ્દોનો ઉપયોગ કરી દશ વાક્યો બનાવો.

(૪) બનાવેલ વાક્યોમાં કોઇ પણ ફેરફાર કર્યા વિના અર્થપૂર્ણ ફકરો તૈયાર કરો.

(૫) તૈયાર કરેલા ફકરાનું વાંચન કરી યોગ્ય શીર્ષક આપો.

## પ્રકરણ – ૭ પ્રાથમિક શિક્ષણમાં નાટ્યીકરણ

### પ્રસ્તાવના

NCF- ૨૦૦૫ - પેજ નં ૫૦ પર શિક્ષણમાં નાટ્ય અને રંગમંચ સંદર્ભે ખાસ જણાવવામાં આવેલ છે કે, "રંગમંચ એક શકિતશાળી પરંતુ શિક્ષણમાં ઓછા ઉપયોગમાં લાવવામાં આવતું કલાનું રૂપ છે. બીજાના સંબંધમાં સ્વની ખોજ, સ્વની સમજનો વિકાસ, આલોચનાત્મક સહાનુભૂતિ કેવળ મનુષ્યોમાં જ નહી બલ્કે પ્રાકૃતિક, ભૌતિક અને સામાજીક જગતમાં પણ સર્વશ્રેષ્ઠ માધ્યમ છે. પાઠનું નાટ્યીકરણ કરવું રંગમંચનો એક લઘુ ભાગ છે. આથી વધારે સાર્થક અનુભવ, ભૂમિકા નિર્વાહ, રંગમંચ અભ્યાસો, શરીર અને સ્વરની ગતિ અને નિયંત્રણ સામુહિક અને સહજ પ્રદર્શન દ્વારા સંભવ બની શકે. આ અનુભવ શિક્ષકોને તેમને પોતાના વિકાસ માટે તો મહત્વપૂર્ણ તો છે. જે, સાથે બાળકોને આપવા માટે પણ એટલા જ મહત્વપૂર્ણ છે."

આ ઉપરાંત RTE અનુસાર ૬ થી ૧૪ વર્ષના બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજીયાત મેળવવાનો અધિકાર છે. બાળકો વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા માનસિક તણાવ વિના અને ભાર વગર શીખે. બાળકોને ગમતી રીત અનુસાર પોતે શીખતો થાય એવી સગવડ ઉભી કરનાર તરીકે શિક્ષકની ભૂમિકા હોવી જોઇએ. આમ વિવિધ વિષયોના શિક્ષણકાર્ય માટે નાટ્ય અને રંગમંચનો પધ્ધતિસરનો ઉપયોગ સચોટ પરિણામ આપે છે. પ્રવૃતિલક્ષી શિક્ષણ પધ્ધતિ માટે આ એક અસરકારક માધ્યમ બની રહે છે. શિક્ષકમિત્રો ખરેખર નાટક અને રંગમંચ પ્રક્રિયા - એ શિક્ષણ સંદર્ભે શું છે અને કેવી રીતે કરી શકાય તેની સમજ માટે અત્રે નમ્ર પ્રયાસ કરવામાં આવેલ છે. જે શિક્ષકમિત્રો તથા બાળકોની સર્જનાત્મકતાને વિકસાવવામાં મદદરૂપ થઇ શકશે.

### ૧. ઉદ્દેશો :

શિક્ષકમિત્રો....

- નાટક અને રંગમંચના શૈક્ષણિક સ્વરૂપથી માહિતગાર થાય.
- શિક્ષણ (ગુજરાતી ભાષા) સંદર્ભે નાટ્ય પ્રક્રિયા વિશે જાણે.
- ભાષા વિષયોના એકમોમાં આ નાટ્યપધ્ધતિનો ઉપયોગ કરતાં થાય.
- નાટ્યીકરણ માટેના સોપાનો વિશે જાણે.
- અભિનયના પ્રકારો તથા ભાવોની જાણકારી તથા અનુભવ મેળવે.

### ૨. મુખ્ય મુદ્દો :

ભાષાશિક્ષણ સંદર્ભે નાટ્યપ્રક્રિયાની વિવિધ પ્રકારની જાણકારી મેળવી તે મુજબ એકમ શીખવવા માટેની ભૂમિકા તૈયાર કરવી.

### ૨.૧ શીખવવાના એકમોને માટે પ્રવૃત્તિઓની શૃંખલાઓ પોતે વિચારવી અને અમલમાં મુકવી :

- ઉદાહરણ તરીકે ગુજરાતી વિષયના એકમ માટે શુદ્ધ ઉચ્ચારણો માટેની પ્રવૃત્તિ તરીકે સ્વ-પરીચય - વિશિષ્ટ રીતે બોલીને તથા અંગમરોડ દ્વારા કરાવવી.
- કેટલાક પ્રાણીઓનો અવાજ, અભિનય કરી તે પ્રાણીનો પરીચય.
- સુચના મુજબ મૂળાક્ષર કે શબ્દોના આકારમાં ઉભું રહેવું.

### ૨.૨ એકમ પસંદ કરી તેની નાટ્યપ્રક્રિયા નકકી કરવી :

- ઉદાહરણ તરીકે ગુજરાતી વિષયના કાવ્ય વિશેના એકમ માટે સુચના મુજબ વિવિધ પ્રકારે ચાલવું, નાચવું, સ્થિર ઉભુ રહેવું.
- કાવ્યના પ્રસંગો, શબ્દોની નાટ્યાત્મક પ્રસ્તુતિ - જૂથ પાડી કરાવવી તથા તે અંગે અન્ય જૂથ દ્વારા ચર્ચા કરાવવી.

- ગદ્ય એકમોમાં પણ વાર્તા કહેતા જઇ તેમાં અભિનય ઉમેરતાં જઇ સુત્રધાર બની પ્રÅનો પૂછી જવાબો તથા મંતવ્યો મેળવતાં જઇ વાર્તા આગળ વધારવી.
- કોઇ એક પાત્રને દરેક જણ તેના પાત્રને અનુલક્ષીને પ્રÅનોત્તરી કરે.

**૨.૩ મૂલ્યાંકન માટે પ્રક્રિયા કરવી :**

- દરેકની ઉપર સતત સર્વગ્રાહી રીતે માનસિક મુલ્યાંકન કરતા જવું.
- નાટકીય પ્રક્રિયામાં પ્રÅનોના જવાબ મેળવવા.

**૨.૪ નાટયીકરણ તથા રંગમંચ અંગે પ્રોત્સાહન :**

- સૌએ કરેલ પ્રક્રિયા અનુસંધાને તેમની પ્રસંશા કરવી. ખાસ કરીને તેમની બોલવાની છટા વિશે તથા તેમના અભિનય સંદર્ભે.
- એકમ આત્મસાત્ તો થશે પરંતુ રંગમંચ તથા અભિનયના ક્ષેત્રના બીજ રોપાશે.
- આત્મવિÅવાસ વધવાની સાથે સભાક્ષોભ દૂર થશે.

**૩. નોંધવા જેવી બાબતો :**

- સામે રંગમંચ પર જે વાસ્તવિકતાની નજીક જઇ ભજવવામાં આવે તે નાટક છે. જેમાં જોનાર રંગમંચની સામે બેસે છે. જે એક તરફી પ્રક્રિયા થાય છે. માત્ર મર્યાદિત વ્યકિતઓ ભાગ લઇ શકે છે. સંવાદો, પરિસ્થિતિ, આંગિક અભિનય, વેશભૂષા વગેરે પહેલેથી જ નકકી હોય છે.
- આ રંગમંચ વર્ગખંડમાં લઇ જવામાં આવે છે ત્યારે પ્રત્યેક બાળક તેમાં જોડાઇ જાય છે. સંવાદો, પરિસ્થિતિ, આંગિક અભિનય વગેરે શીઘ્રતાથી નકકી થયેલ હોય છે. જેમાં એ બધું મહત્વનું નથી. પરંતુ દરેક જણ માનસિક રીતે જોડાય તે અગત્યની બાબત છે.
- આમ આ રીત ઉત્કૃષ્ટ નાટક ભજવવા માટે નહીં પરંતુ નાટ્યપ્રક્રિયા થાય તે માટે છે. તેને “પ્રોસેસ ડ્રામા” કહેવામાં આવે છે.

**૩.૧ પ્રોસેસ ડ્રામા :**

વિવિધ પધ્ધતિઓ મુજબ પ્રોસેસ ડ્રામા કરવાના હોય છે. જેમાં શિક્ષકમિત્રો પોતે પોતાના સર્જનાત્મક દ્રષ્ટિકોણ મુજબ નાવીન્યતા લાવી શકે છે. સામાન્ય રીતે આ મુજબ પ્રક્રિયા હાથ ધરી શકાય છે.

- એકમ નકકી કરી તેની ચર્ચા વર્ગ સમક્ષ કરવી અથવા ન કરવી.
- એકમના (ગદ્ય/પદ્ય) વર્ગની સંખ્યા મુજબ (જૂથ) ટુકડા કરી દરેક જુથને એક એક ટુકડો સમજાવવો અને તેનું નાટ્ય સ્વરૂપે તૈયાર કરવા માટે થોડો (૧૦ મિનિટ) સમય આપવો. પ્રથમ ટુકડાની સાથે બીજા ટુકડાનું સંધાન થાય તે ધ્યાનમાં રાખવું. દરેક જૂથ પોતાની પ્રક્રિયા ચર્ચા કરી ગોઠવણ કરી લેશે.
- દરેક જૂથ વારાફરતી ભજવશે. જયારે એક જૂથ ભજવે ત્યારબાદ અન્ય જૂથવાળા તેનું નિરીક્ષણ કરી સમીક્ષા કરશે અને પોતાના મંતવ્યો રજુ કરશે. આમ દરેક જૂથના દરેક સભ્યો આ પ્રક્રિયામાં સામેલ થશે. કોઇ નિષ્ક્રિય સભ્યને આપણે સલાહસૂચન આપવાના નથી. આપણે માનીએ છીએ કે તે એકમ કે આ પ્રક્રિયા પ્રત્યે બેધ્યાન છે.પરંતુ તે માનસિક રીતે તો તેના મનમાં પ્રક્રિયા (મંથન) ચાલતી જ હોય છે. સૌની સાથે એમાં પોતે સામેલ છે જ એવું તે અનુભવે છે. આ જ પ્રોસેસ ડ્રામાની ખરી ખૂબી છે.

- આ પ્રક્રિયા બાદ સમગ્ર ટુકડાને જોડી સળંગ પ્રોસેસ કરવી. તેને માટેની તૈયારી માટેનો થોડો સમય આપવો. હવે આમાં એક નવું પાસું ઉમેરાશે. જયારે સળંગ રીતે ભજવણી થાય તેમાં વચ્ચે શિક્ષક પોતે સુત્રધાર બની નાટકને ત્યાં સ્થિર કરી થોડા પ્રશ્નો અથવા સમસ્યા ઉભી કરશે. તેના જવાબો પાત્રો પોતે આપી સમસ્યાનું નિરાકરણ આપશે. જેની સાથે એકમના અનુસંધાને સ્વાધ્યાયના પ્રશ્નો પણ વણી લેવાનો પ્રયત્ન થઇ શકે છે. શિક્ષક પોતે પણ એક (નિમ્ન પાત્ર જેમ કે નોકર, મજૂર વિગેરે) તરીકે સામેલ હોવા જોઇએ. એ જ પાત્રમાંથી શિક્ષક પોતે સુત્રધાર તરીકે અચાનક બદલાઇ શકે છે. એ ભૂમિકા પૂરી થયેથી પાછા પાત્રના રૂપમાં આવી જાય છે.
- બીજી એ સુવિધાજનક પ્રક્રિયા છે તે "હોટસીટ"- નાટ્ય પ્રક્રિયામાં ભાગ લીધેલ પાત્રો પૈકી વારાફરતી દરેક પાત્રને (મોટે ભાગે મુખ્ય પાત્રો) એક ખુરશી પર બેસાડી તેના પાત્રો વિશે પ્રશ્નોત્તરી કરશે અને તે પાત્ર તેના ઉકેલ આપશે. જે ઘણું જ રસપ્રદ બની રહે છે.

### ૪. અભિનયના પ્રકારો :

અભિનય ચાર પ્રકારના છે :

- **આંગિક :** અંગોની ચેષ્ટાથી અભિનય કરવામાં આવે છે. જેમાં બોલવાનું હોતું નથી.તેથી મૂક અભિનય પણ કહી શકાય.
- **વાચિક :** જેમાં બોલીને(સંવાદ સાથે) અભિનય થાય છે.
- **આહાર્ય :** વેશભૂષા તથા ખાસ મેકઅપ સાથે અભિનય કરવામાં આવે છે.
- **સાત્વિક :** સાત્વિક ભાવ ( વાસ્તવિકતા સાથે તદ્રુપ) સાથેનો અભિનય.

### ૫. અભિનય દ્વારા વિવિધ રસની રજુઆત :

શાસ્ત્રમાં નવ રસ દર્શાવવામાં આવેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧. શૃંગારરસ, | ૨. વીરરસ, | ૩. કરૂણરસ, | ૪. રૌદ્રરસ, | ૫. હાસ્યરસ, |
| ૬. ભયાનકરસ, | ૭. બિભત્સરસ, | ૮. અદભૂતરસ, | ૯. શાંતરસ | |

### ૬. નીપજ :

શિક્ષકમિત્રો....

- નાટક અને રંગમંચના શૈક્ષણિક સ્વરૂપથી માહિતગાર થઇ શકશે.
- શિક્ષણ (ગુજરાતી ભાષા) સંદર્ભે નાટ્ય પ્રક્રિયા વિશે જાણી શકશે
- ભાષા વિષયોના એકમોમાં આ નાટ્યપદ્ધતિનો ઉપયોગ કરતાં થઇ શકશે.
- નાટ્યીકરણ માટેના સોપાનો વિશેજાણી શકશે
- અભિનયના પ્રકારો તથા ભાવોની જાણકારી તથા અનુભવ મેળવી શકશે.

### ૭. પ્રવૃત્તિઓ :

૧. એક તાળી-બે તાળી/ બે તાળી-બે તાળી-ત્રણ તાળી/પાસીંગ

૨. બે તાળી- બંને હાથથી વારાફરતી ચપટી-બે તાળી

૩. વર્તુળાકારે બધા પોતાનો આલ્ફાબેટ બોલે, યાદ રાખે.જેનું નામ બોલાય તે બંને હાથ ઝડપથી ઉપર-નીચે કરશે.

૧. વોક-સ્ટોપ - ૧ થી ૧૦ કાઉન્ટમાં માત્ર ઇશારાથી (બોલ્યા વગર) અંગ્રેજી શબ્દ બનાવવો.(હ્રઈ, ૧૦)

૨. વોક-સ્ટોપ - ૧ થી ૧૦ કાઉન્ટમાં માત્ર પોતાની જાતે જ (ઇશારા કે બોલ્યા વગર) સ્થાન લઇ લેશે.

### ગુજરાતી ટૂંકા શબ્દો બનાવે.

૩. વોક-સ્ટોપ-વોકસ્ટોપ (ગમે તેમ ચાલવું)

૪. વોક-સ્ટોપ..આદેશ મળેથી સર્કલમાં ઉભા રહી જવું.

૫. વોક-સ્ટોપ (ગમે તેમ ચાલવું) આદેશ-મૂળ જગ્યા પર આવી જવું.

૬. ગો.. કહેતાં બે દિવાલોને સ્પર્શ કરી પાછું આવી જવું.

૭. ગો.. કહેતાં (૧ થી ૧૦ કાઉન્ટમાં) બે દિવાલ + બે કૂદકા + પાંચ તાળી આ ક્રિયાઓ કરતાં ફરી મૂળ જગ્યા પર આવી જવું.

૮. લીલા રંગની ચીજોને સ્પર્શ કરી આવી જવું.

૯. પ્લાસ્ટિકની ચીજોને સ્પર્શ કરી આવી જવું. વોક-સ્ટોપ- વોક-સ્ટોપ

૧૦. આદેશને ઊંધી રીતે માનવો.

૧૧. નં-૧ ચાલુ રાખી સાથે અપ-ડાઉન (હાથ)

૧૨. બધી પ્રોસેસમાં આદેશને ઉંધી રીતે માનવો.(કંડીશનિંગ તોડવા માટેની પ્રવૃત્તિ)

૧૩. વોક-સ્ટોપ - ૧ થી ૧૦ કાઉન્ટમાં વધુમાં વધુ વ્યકિતને ટચ કરવા.

૧૪. વોક-સ્ટોપ - ૧ થી ૧૦ કાઉન્ટમાં ગુજરાતી અક્ષર બનાવવો.(થ,હ્ય,સ્)

૧૫. વોક-સ્ટોપ - ૧ થી ૧૦ કાઉન્ટમાં માત્ર ઇશારાથી (બોલ્યા વગર) ગુજરાતી શબ્દ બનાવવો.

૧૬. વોક-સ્ટોપ - ૧ થી ૧૦ કાઉન્ટમાં માત્ર પોતાની જાતે જ (ઇશારા કે બોલ્યા વગર) સ્થાન લઇ લે

### ૮. સંદર્ભગ્રથો :

NCF - ૨૦૦૫

- નાટક દ્વારા શિક્ષણ - સં. ડો. વિપિન કિકાણી, ડો. વિજય સેવક - છટઈ સુરત
- નાટ્યનિર્માણ - લે. પ્રો. માર્કંડ ભટ્ટ - ગુ.ગ્રં.નિ.બોર્ડ, ગુ.રા.
- અભિનયકળા - સ્વ. પ્રા. જસવંત ઠાકર, હસમુખ બારાડી - ગુ.ગ્રં.નિ.બોર્ડ, ગુ.રા.
- શૈક્ષણિક નાટ્યશિબિર - મોડયુલ - સુરત ડાયેટ

## પ્રકરણ – ૮ આધુનિક તકનિકીનો માતૃભાષામાં ઉપયોગ

### પ્રસ્તાવના

સમય અને પરિસ્થિતિની અસર સમગ્ર સૃષ્ટી પર પડતી જ હોય છે. જેના વિશે આપણે આદિમાનવના સમયથી આધુનિક મનુષ્યના વખત સુધી વાચ્યું, સાંભળ્યુ અને જાણ્યુ છે. આવી અસર સાહિત્ય પર પણ જોવા મળે જ. વર્તમાન સમયમાં સાહિત્યના પ્રસાર અને પ્રચારના માધ્યમો બદલાયા છે. સમય મુજબ તેમાં પણ આધુનિક તકનિકનું આગમન થયુ છે. હવે આપણે સાહિત્યનો રસાસ્વાદ માણવા ગ્રંથાલય સુધી જવુ નથી પડતુ. પુસ્તકો આપણા સુધી પહોચે એવી સુવિધાઓ ઉપલબ્ધ થઇ છે. આપણે તેના વિશે જાણીએ.

### ગુજરાતી ભાષાના શિક્ષણ માટે આજના સમયમાં ટેક્નોલોજી કઇ કઇ રીતે ઉપયોગી છે ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

# ડિજીટલ ગ્રંથાલય

ડિજીટલ ગ્રંથાલય એટલે એવાં ગ્રંથાલયો જ્યાં પુસ્તકોને ડિજીટલ સ્વરૂપે વાંચી શકાય.

ડિજીટલ સવરૂપ એટલે પુસ્તકો વગેરે સામગ્રીને સ્કેનિંગ કરીને સોફ્ટવેર અથવા સી.ડી. માં સાચવીને કમ્પ્યુટર દ્વારા જોઇ કે વાંચી શકાય. સરળ ભાષામાં કહીએ તો ડિજીટલાઇઝેશન એટલે પુસ્તકો વગેરે સામગ્રીનું હાર્ડ કોપીમાંથી સોફ્ટ કોપીમાં રૂપાંતર. તેને સી.ડી. કે વેબસાઇટ પર સાચવી શકાય કે જોઇ શકાય. વાચકો માટે આવા ગ્રંથાલયો ખૂબ જ મદદગાર નીવડે છે. પુસ્તકોને કબાટોમાં સાચવવાની કે શોધવાની મહેનત બચી જાય. આજકાલ વેબસાઇટ પર ઘણાં બધા પુસ્તકો આ રીતે વાચી શકાય છે અને ડાઉનલોડ કરી સંગ્રહી પણ શકાય છે.

# ટેલિવિઝન

માહિતી, મનોરંજન અને શિક્ષણ આપતાં સમૂહ માધ્યમોમાં ટેલિવિઝન આધુનિક સમાજનું સૌથી વ્યાપક, ઝડપી અને પ્રભાવક સાધન છે. આજે દિવાનખંડમાં બેઠેલો પ્રેક્ષક પૃથ્વીના કોઇપણ ભાગની રસપ્રદ હકીકતો, અવનવી ઘટનાઓ, નવી શોધો વિશે માહિતગાર થઇ શકે છે. ટેલિવિઝનના મધ્યમથી ભાષા અને સાહિત્ય પણ બળવત્તર બન્યા છે. તેમાં આવતા સાહિત્યના કાર્યક્રમો, ગીત, ગઝલ, કાવ્યો, તેના રાગ અને ભાવનો આસ્વાદ માણી શકીએ છીએ. ગુજરાતી ભાષાની ઘણી નવલકથાઓ, નવલિકાઓ પરથી ચલચિત્રોનું પણ નિર્માણ થયુ છે. જેની મદદથી ગુજરાતી ભાષાનો પ્રસાર અને પ્રચાર વધ્યો છે. આ રીતે ટેલિવિઝન ગુજરાતી શિક્ષણ માટે ખૂબ જ ઉપયોગી છે.

# મોબાઇલ

**ગુજરાતી ભાષાના શિક્ષણ માટે આજના સમયમાં મોબાઇલ કઇ રીતે ઉપયોગી છે ?**

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

આધુનિક તકનિકે જગતને ખૂબ જ નાનું બનાવી દીધુ છે. તેમાં મોબાઇલ(ભ્રમણ ભાષ) નો સૌથી મોટો ફાળો છે. અત્યારના સમયમાં આધુનિક વર્ઝનથી આખુ જગત મોબાઇલમાં સમાઇ ગયું છે. ગુજરાતી શિક્ષણમાં ઇંટરનેટ મારફતે ફેસબુક, વોટસ એપ જેવા મોબાઇલ એપ્સ, વિવિધ વેબસાઇટ, એમ.એમ.એસ., ઇ-મેઇલ દ્વારા ઘણો સુધારો લાવી શકાયો છે. ગુજરાતી ડિક્ષનરી પણ મોબાઇલમાં જ હોવાથી સાચી જોડણી માટે ઉપયોગી છે. ઇલેક્ટ્રોનિક બુક (e-book) મોબાઇલ પર જોઇ અને વાચી શકાય છે. ગુજરાતી ભાષા અંગેના ચિત્રો, ક્લિપીંગ્સ, વગેરે એકબીજા સાથે શેર કરીને શિક્ષણ દરમ્યાન ઉપયોગમાં લઇ શકાય છે.

---

* **જાણો**

હજારો પુસ્તક સંગ્રહ કરવા ઘણી બધી જગ્યા જોઇએ. તેના બદલે ઇ-બુકમાં એ બધા પુસ્તકોની સમગ્રી (ડેટા) સમાઇ જાય છે. એમેઝોન નામની કંપનીએ ૨૦૦૯ માં Kindle Dx નામની ઇ-બુક બનાવીને બજારમાં મૂકી હતી. આ ડિઝીટલ બુક આશરે ૧૦" × ૭" અને ૩૦૦ ગ્રામ વજનના નાના પુસ્તક જેટલી છે. પણ તેમાં વાચનનો ખૂબ મોટો ખજાનો સમાયેલો છે. મોબાઇલ ડેટા કનેક્શનની સગવડ વડે તે ભંડાર ખરીદનાર પોતાની એ-બુકમાં ડાઉનલોડ કરી શકે છે. કિંડલમાં આશરે ૩૫૦૦ પુસ્તક સમાવી શકાય તેટલી મેમરી હોય છે.

---

# કમ્પ્યુટર અને ઇંટરનેટ

ગુજરાતી ભાષાના શિક્ષણ માટે ઉપયોગી બે વેબસાઇટ અને બે બ્લોગના નામ લખો.

વેબસાઇટ (૧) ______________________________

(૨) ______________________________

બ્લોગ (૧) ______________________________

(૨) ______________________________

આજના સમયને કમ્પ્યુટર વગરનું વિચારવું પણ મુશ્કેલ બનતું જાય છે. જે તેની ઉપયોગિતા દર્શાવે છે. તેની સાથે ઇંટરનેટનું જોડાણ કરી આપણે કોઇ પણ ક્ષેત્રનું જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ છીએ. ઇંટરનેટને 'જાદુઇ જીન' પણ કહી શકાય. જે માહિતી માગો તે પળવારમાં હાજર. ગૂગલ, યાહૂ વગેરે જેવા સર્ચ એંજિન દ્વારા કોઇપણ માહિતી શોધીને તેને શિક્ષણમાં ઉપયોગમાં લઇ શકાય છે. વિવિધ વેબસાઇટ્સ તથા બ્લોગની મદદથી ગુજરાતી ભાષા વિશે ઘણી માહિતી પ્રાપ્ત કરી શકાય છે. જે ગુજરાતીમાં પણ ઉપલબ્ધ હોય છે. અરે ! હવે તો ઇંટરનેટમાંથી પણ ઘણી માહિતી ગુજરાતીમાં મેળવી શકાય છે. આપણે આપણી પોતાની વેબસાઇટ કે બ્લોગ પણ ઇંટરનેટ પર બનાવી શકીએ છીએ. ભાષાનો બ્લોગ પણ બનાવી શકાય.

## કેટલીક મહત્વની વેબસાઇટ

* પુસ્તકો માટે
  - www.wbgpublication.com - www.booksforyou.com - www.gujaratibooks.com - www.merikitab.com
  - www.bigbook.com - www.1stbook.com - www.bookweb.com - www.worldbooknetwork.com
  - www.bookstudio.com - www.booktalk.com
* ડિક્ષનરી માટે
  - www.shabdkosh.com - www.gujratilexicon.com - www.bhagavadgomandalonline.com
  - www.oxforddictionaries.com - www.websterdictionary.org
* સાહિત્ય માટે
  - www.litrature.org - www.vrindaindia.com - www.pustakalay.com
* યુનિવર્સીટી
  - www.gujratuniversity.org.in - www.bhavuni.edu - www.sgu.ernet.in - www.nirmauni.ac.in
  - www.saurastrauniversity.edu - www.ngu.ac.in - www.spuvvn.edu - www.msub.edu - www.gujratvidhyapith.org
* શૈક્ષણિક સંસ્થા
  - www.ugc.ac.in - www.ncte-in.org - www.ignou.ac.in - www.education.nic.in
  - www.gujrateducation.gswan.gov.in - www.ojas.nic.in
* શિક્ષણ બોર્ડ તથા સંસ્થા
  - www.ncert.nic.in - www.ciet.nic.in - www.cbse.nic.in - www.gseb.org - www.abhyashkram.com
  - www.***gcert***.gujarat.***gov.in***
* ગુજરાતી બ્લોગ અને વેબસાઈટ
  - http://gujratiblogs.blogspot.in - gujratisahityasarita.com - gujratikavita.wordpress.com
  - gujratigazal.wordpress.com - www.gujratikavita.com - gurjar-sahitya.blogspot.com
  - www.kavilok.com - www.marugujrat.in - www.webgurjari.in
* સામયિક
  - www.chitralekha.com - www.gujratdarshan.com - www.aarpar.com - www.readgujrati.com
  - www.samaydarpan.com

## ભેજું કસો

**• પાંચ હજાર કે પંદર હજાર ?**

કૃષ્ણદેવરાયના દરબારમાં એક ઘરડો માણસ અને એક યુવક આવીને ઊભા રહ્યા.

ડોસાએ કહ્યું : 'રાજાજી, આ જુવાનનો પિતા મારો ખાસ ભાઇબંધ હતો. મરતાં પહેલાં તેણે આ છોકરાને ઉછેરવાનું કામ મને સોંપ્યું. સાથે વીસ હજાર સોનામહોરો આપીને કહ્યું કે, 'મારો છોકરો મોટો થાય ત્યારે આ સોનામહોરોમાંથી તને ગમે તેટલી તેને આપજે અને બાકીની તેં કરેલા ખર્ચ પેટે રાખી લેજે. હવે હું આ જુવાનને પાંચ હજાર સોનામહોરો આપું છું પણ એ લેતો નથી. આપ જ ન્યાય કરો કે મારે એને કેટલી મહોરો આપવી' રાજાએ ચતુર તેનાલીરામ સામે નજર કરી.

તેનાલીરામે ડોસાને પૂછયું, 'આ બે થેલીઓમાં કેટલી કેટલી મહોરો છે ?' ડોસાએ કહ્યું, 'એકમાં પાંચ હજાર અને બીજામાં પંદર હજાર છે.' તેનાલીરામે પૂછયું કે, 'તમને કઇ થેલી ગમે છે ?' ડોસાએ જવાબ આપતાં કહ્યું કે, 'મને પંદર હજાર મહોરોવાળી થેલી ગમે છે.'

તેનાલીરામે તરત જ ન્યાય આપતાં કહ્યું કે, 'બસ ત્યારે. એ થેલી આ જુવાનને આપી દો.' ડોસાએ દલીલ કરી કે, 'પણ એના પિતાએ તો મને ગમે એટલી જ મહોરો છોકરાને આપવાનું કહ્યું છે.'

'તેથી જ તો હું છોકરાને પંદર હજાર મહોરો આપવાનું કહું છું' ,ડોસાને સમજાયું નહિ. તેથી પૂછયું, "એ કેવી રીતે?'

(બાલમિત્રો! તમે કહી શકશો કે કેવી રીતે?' થોડીવાર વિચાર કરો.પછી જવાબ ન જડે તો આગળ વાંચો.)

'જુવાનના પિતા એ કહ્યું છે કે તમને ગમે તેટલી મહોરો તમારે છોકરાને આપજો. તમને પંદર હજાર મહોરો ગમે છે, એટલે એટલી મહોરો તમારે છોકરાને આપવી પડશે.'

તેનાલીરામનો આ ચતુરાઇભર્યો ન્યાય સાંભળી જુવાન, રાજા તથા દરબારીઓ પણ ખુશ થઇ ગયા.

**• વિશિષ્ટ શબ્દો જાણો:**

આપણે આસપાસના પરિસરમાંથી જુદાજુદા પ્રકારના અવાજો સતત સાંભળીએ છીએ.આવા અવાજો માટે ચોકકસ શબ્દો વપરાતા હોય છે.તેને ધ્વનિદર્શક કે ધ્વનિસૂચક શબ્દો કહેવાય છે. નીચે કેટલાક આવા શબ્દો આપ્યા છે. તેનો વાંચીને અભ્યાસ કરો અને આવા અવાજ સાંભળવાના અનુભવ પણ કરજો.

**ઉદાહરણ-૧**

| | | | | | |
|---|---|---|---|---|---|
| સાગરનો | - ઘૂઘવાટ | ઝાંઝરનો | - | બંગડીનો | - |
| ધનુષ્યનો | - | પવનનો | - | ઝરણાનો | - |
| પાંખનો | - | દાંડિયાની | - | વાદળના | - |
| પંખીનો | - | પાંદડાનો | - | ઘંટીનો | - |

**ઉદાહરણ-૨**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગાય | - ભાંભરે | ઘોડો | - | ભેંસ | - |
| મોર | - | વાઘ | - | સિંહ | - |
| ઘુવડ | - | ગધેડો | - | રીંછ | - |
| વાંદરો | - | સાપ | - | હરણ | - |
| હાથી | - | કોયલ | - | ઊંટ | - |

**• આડાઅવળા અક્ષરો ગોઠવીને અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧) | દ | ન | વે | નિ | | | ૨) | ર | દ | ઉ | વા | મે |
| ૩) | તે | રા | ન | ના | મ | લી | ૪) | ર | સૌ | ર્ષ | વ | |
| ૫) | દ | ને | વ | ચં | | | ૬) | પુ | ચુ | રુ | ષ | અ |

ઉપરના અર્થપૂર્ણ શબ્દો બનાવી લીધા પછી તે શબ્દોમાંથી નીચે મુજબના અક્ષરો પસંદ કરો:

૧) ચોથો અક્ષર ૨) બીજો અક્ષર ૩) પહેલો અક્ષર ૪) પહેલો અક્ષર

૫) બીજો અક્ષર ૬) બીજો અક્ષર ૭) ત્રીજો અક્ષર

ઉપર પ્રમાણે પસંદ કરેલા અક્ષરો ભેગા કરીને જુઓ કે કઇ કહેવત બની ? તે કહેવત લખો.

---

• **તમને ગમતી બીજી ચાર કહેવતો લખો:**

૧________________________________________

૨________________________________________

૩________________________________________

૪________________________________________

## સંદર્ભ સાહિત્ય


- RMSA શિક્ષક સજ્જતા તાલીમ મોડ્યુલ – ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.
- ગુજરાતીના અધ્યાપનનું પરિશીલન – બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ.
- ગુજરાતી વિષયવસ્તુનું અધ્યયન – બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ.
- ગુજરાતી વિષયવસ્તુ – નીરવ પ્રકાશન, અમદાવાદ.
- ગુજરાતી (માતૃભાષા)નું અભિનવ અધ્યાપન – નીરવ પ્રકાશન, અમદાવાદ.
- બાલભારતી ધોરણ ૬ થી ૮ – મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ.
- ગુજરાતી ભાષાસજ્જતા તાલીમ મોડ્યુલ – ૨૦૦૯
- ગુજરાતી બાળ વિશ્વકોષ – ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ પ્રકાશન.
- વેબસાઈટ ડિરેક્ટરી – wbg પબ્લીકેશન.
- નાટ્યનિર્માણ - લે. પ્રો. માર્કંડ ભટ્ટ - ગુ.ગ્રં.નિ.બોર્ડ, ગુ.રા.
- અભિનયકળા - સ્વ. પ્રા. જસવંત ઠાકર, હસમુખ બારાડી - ગુ.ગ્રં.નિ.બોર્ડ, ગુ.રા.
- શૈક્ષણિક નાટ્યશિબિર - મોડયુલ - સુરત ડાયેટ

# અંગ્રેજી ધોરણ : ૬ થી ૮

## પ્રસ્તાવના

અંગ્રેજી ના અધ્યાપન માટે સજજ થવા શિક્ષક પાસે અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ હોય, અધ્યાપન માટેની પ્રવૃત્તિઓની પધ્ધતિ સંદર્ભે આવડત હોય, તથા અધ્યાપન અનુભવો પર ચિંતન કરી ભાવિ માટે વધુ સજજ થવાની દ્રષ્ટિ હોય તે અનિવાર્ય છે. આ ત્રણેય બાબતો વચ્ચેનું Networking ઉભુ કરવા માટે તાલીમ મોડયુલ Orientation – નવ સંસ્કરણ માટેની ભૂમિકા અદા કરશે. આ ઉપરાંત અંગ્રેજી વિષય શિક્ષક પોતાના Class ને interactive Class તરીકે visualize કરી શકે તેવુ તેમને તાલીમ દરમિયાન અનુભવાય તો સાચા અર્થમાં તેઓનું નવસંસ્કરણ થયું ગણાય.

અંગ્રેજી ભાષા શિક્ષણ દરમિયાન વિવિધ પધ્ધતિઓ, પ્રવૃત્તિઓ, ભાષા રમતો, જોડકણા, ગીતો, કોયડાઓ, રમુજી ટુચકાઓ વગેરનો વર્ગખંડમાં મહતમ ઉપયોગ કરી વર્ગખંડનું વાતાવરણ જીવંત બનાવી શકશો તેમજ વિધાર્થીઓની શીખવા માટેની Need (જરૂરીયાત)પણ્ ઉભી કરી શકશો.

સમગ્ર અંગ્રેજી ભાષા શિક્ષણ દરમિયાન પ્રવૃત્તિના માધ્યમથી ધીમે ધીમે inputs આપતા જઇએ અને વિધાર્થીઓને OutPut સુધીની યાત્રા કરાવીએ. Out Put માટે આપે ખુબ ધીરજ ધરવાની રહેશે. પુરતા Inputs સિવાય OutPut ની અપેક્ષા એ યોગ્ય બાબત નથી. કેટલીક વાર આપે આપેલ Inputs આગળના વર્ષે પણ Output સ્વરૂપે જોવા મળે તેમ પણ બને માટે એકદમ ધીરજ ધરીએ અને પુરી શ્રધ્ધા સાથે Language Inputs આપતા રહીએ. વિધાર્થીઓનું Objectives સંદર્ભે સતત અને સર્વગ્રાહી મુલ્યાંકન પણ કરતા રહીએ અને તેના માટે આપે કોઇ વિશેષ પ્રયત્ન કરવાનો થતો નથી, પ્રવૃત્તિ દરમિયાન જ આપના અવલોકનથી આપ એ કામ કરી શકશો.

વિધાર્થીઓને અંગ્રેજી ભાષા માટેની કેટલીક અભિવ્યકિતઓ પણ શીખવવાની છે. અંગ્રેજી ભાષા સલગ્ન શિક્ષણના વિવિધ હેતુઓ પૈકી એક હેતુ અભિવ્યકિત (Expression) નો છે અને આ અભિવ્યકિત માટેની Patterns તેમજ જરૂરી શબ્દ ભંડોળ (Vocabulary) વિકસાવવાની પ્રવૃત્તિઓ કરાવતી વખતે આપણુ Focus patterns અને vocabulary પર રહે તે સુનિસ્થિત કરીશું આમ અંગ્રેજી ભાષાના પાયાના કૌશલ્યો, ભાષાની રજૂઆત માટેના ભાષા વ્યવહારો (Functions) તેના માટે જરૂરી Language ને Vocabulary રમતો, વાર્તાઓ, ગીતો, તેમજ પ્રવૃત્તિઓના માધ્યમથી વિધાર્થીઓમાં સિધ્ધ થાય તે માટેનો આપણો આ પ્રયત્ન છે. આપણે સૌ આ પ્રયત્નમાં સફળ થઇએ અને Refresh થઇ આપણા વિધાર્થીઓને અંગ્રેજી ભાષાનું શિક્ષણકાર્ય કરાવવા સજજ થઇએ.

### અંગ્રેજી પાઠયપુસ્તકો વિશે.........................

**પ્રસ્તાવના :** અંગ્રેજી ભાષા અભિવ્યકિત માટે ધોરણ ૬ થી ૮ ના પાઠયપુસ્તકમાં દરેક યુનિટ અંતર્ગત એક Language Function વણી લેવામાં આવેલ છે. આ Language Function ભાષાના પાયાથી શરૂ કરી ક્રમિક રીતે આગળ કરવાના થતા ભાષા વ્યવહારો જરૂરી Patterns આવરી લઇ મુકવામાં આવેલ છે. અહિં આપણે આવા Functions ની ઓળખ મેળવીશુ તેમજ અંગ્રેજી ભાષા શિક્ષણના માળખાથી પરિચિત થઈશું સાથો સાથ પ્રવૃત્તિઓની રચના અને અમલીકરણ સંદર્ભે ચર્ચા કરીશું આ પ્રવૃત્તિઓ પાયાના કૌશલ્યો શીખવા શું ભુમિકા અદા કરે છે, તેની પણ વિગતે જાણકારી મેળવીશું

### ઉદ્દેશો

1 ધોરણ ૬ થી ૮ અંગ્રેજી પાઠયપુસ્તક વિશે જાણીશુ.

2 પાઠયપુસ્તકમાંની પ્રવૃત્તિઓનું સ્વરૂપ જાણીશું

3 ધોરણ ૬ થી ૮ ના અંગ્રેજી ભાષા શિક્ષણ માટે સમાવિષ્ટ ભાષા વ્યવહારો (Functions) વિશે જાણીશું

4 અંગ્રેજી ભાષાના પાયાના ચાર કૌશલ્યો (Listening Speaking, Reading અને Writing ) અંતર્ગત પ્રવૃત્તિઓને ઓળખીશું.

**1, Open book test :**

(૧) ધોરણ – ૭ નાં વિદ્યાર્થીને બજારમાં જઇ કરવાના થતાં ભાષા વ્યવહાર અંગેની પ્રવૃત્તિઓ શોધી જણાવો.

(૨) ધોરણ – ૮ માં આપેલી વાર્તાઓની શિર્ષક સાથે યાદી આપો.

(3) Authentic Material દ્વારા ભાષા શિક્ષણની કોઇ બે પ્રવૃત્તિ નોંધો.

(૪) પત્ર લેખનની પ્રવૃત્તિ કયા ધોરણમાં આપેલ છે ?

(૫) ધોરણ – ૬ માં આપેલી જૂથ કાર્યની પ્રવૃત્તિની યાદી કરો.

(૬) ધોરણ – ૬, ૭ અને ૮ મા આપેલા સંવાદ (Dialogue) ની Activities જણાવો.

(૭) ધોરણ – ૬, ૭ અને ૮ દરેક માંથી અર્થગ્રહણ (Comprehension) ની એક-એક પ્રવૃત્તિ શોધી લખો.

(૮) વિજ્ઞાન વિષય સાથે અનુબંધ ધરાવતી કોઇ બે પ્રવૃત્તિ નોંધો.

(૯) 'સમય' સંબધિત વિષય વિસ્તુ પર આધારિત કાવ્ય કયા ધોરણમાં છે ?

(૧૦) ધોરણ - ૬ માં કયા વિષય પર પ્રોજેકટ આપેલ છે ?

**2, પ્રવૃત્તિનું સ્વરૂપ**

**પ્રવૃત્તિ એટલે શું ?**

તમે અંગ્રેજીના હેતુઓ અને લેન્ગવેજ ફંકશન્સથી પરિચિત થયા હશો. આ ફંકશન્સ ના વિકાસાર્થે પાઠયપુસ્તકોમાં વિવિધ પ્રવૃત્તિઓ આપેલી છે. અલબત પુસ્તકોમાં દરેક ભાષા શીખવાના તબકકાને પ્રવૃત્તિ (Activity) તરીકે જ ઓળખાવાયો છે. તો આખરે આ પ્રવૃત્તિ શું છે ? શું માત્ર બાહ્ય હલન – ચલન ? ના -

જે પ્રક્રિયામાં ભાગ લઇ વિદ્યાર્થી ભાષાનું અધિગ્રહણ કરી શકે તે જ સાચી ભાષા પ્રવૃત્તિ.

**આપણા પુસ્તકોમાંની પ્રવૃત્તિઓને તેના સમૂહ જૂથોના આધારે જોઇએ તો –**

- શિક્ષકની મદદથી કરવાની પ્રવૃત્તિઓ - જોડીમાં કરવાની પ્રવૃત્તિઓ
- જૂથમાં કરવાની પ્રવૃત્તિઓ - જાતે વ્યકિતગત કરવાની પ્રવૃત્તિઓ. આપેલી છે.

- **પ્રવૃતિઓને વર્ગખંડમાં પ્રયોજવા પૂર્વે શિક્ષક તરીકે કેવી કાળજી લેવી જોઇએ ?**

  પ્રવૃત્તિના તબકકા સમજી લઇએ જેમ. કે જે તે પ્રવૃતિ ભાષા કાર્ય શીખવાની શરૂઆત કરવાની પ્રવૃત્તિ છે – દ્રઢીકરણની છે કે મૂલ્યાંકન માટેની ?
- જે તે પ્રવૃતિ કેવી રીતે કરાવીશું ? શા માટે કરાવીશુ?-પ્રવૃતિના How અને WHY પણ સમજી લેવા આવશ્યક છે.
- દરેક પ્રવૃત્તિ પાછળનો ભાષાકીય હેતુ સમજમાં આવ્યા પછી જ તે પ્રવૃત્તિ વધુ સંતુલિત બની શકે.
- જે તે પ્રવૃતિ કરવા માટે જરૂરી સાધન-સામાગ્રી ની ઉપલબ્ધતા ચકાસી લઇએ.
- જે તે પ્રવૃતિનો પ્રકાર – જોડી/જૂથ કે વ્યકિતગત કાર્ય છે તે જાણી લઇએ.
- પોતાના વર્ગખંડ/વિધાર્થીઓ/સ્થાનિક પર્યાવરણને ધ્યાનમાં રાખીએ જરૂરી ફેરફારો કયાં કરવા પડશે તેનુ લેખિત આયોજન કરીએ
- પુસ્તકમાં આપેલ પ્રવૃત્તિ કરાવતા પુર્વે જરૂરિયાત મુજબ (હેતુ સંદર્ભે) અન્ય કઇ પ્રવૃત્તિ યોજી શકાય તે પણ નોંધીએ.

**આ સિવાય અન્ય કઇ બાબતો ધ્યાનમાં રાખીશું ?**

..........................................................................................................................

..........................................................................................................................

## પ્રવૃત્તિ દરમિયાન્

- વિધાર્થીઓને પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરીએ.
- તેમને પ્રવૃત્તિમાં રહેલી ચેલેન્જને ઓળખાવીએ.
- તેમને બધું શીખવાડી દેવાના મોહમાંથી છુટકારો મેળવીએ.
- તેઓ જાતે-જોડીમાં કે જૂથમાં પ્રયત્ન કરશે તે ભાષા માટે વધુ ફળદાયી નીવડશે.
- પ્રવૃત્તિ દરમિયાન ચર્ચાઓ (જેને સામાન્ય્ રીતે આપણે વાતોમાં ખપાવીએ છીએ) કરવાની મોકળાશ આપીએ.
- પ્રવૃત્તિ દરમિયાન વિધાર્થીઓની મદદ કરીએ – પણ જેને જેટલી મદદની જરૂર હોય તેટલી જ.
- જરૂરી સૂચનાઓ માતૃભાષામા આપીએ. પણ સાથે યાદ રાખીએ કે જો આપણે જ પ્રવૃત્તિ દરમિયાન અંગ્રેજીનો ઉપયોગ નહિ કરીએ તો તેની રચના પાછળનો હેતુ નહિ રહે. એટલે પ્રવૃત્તિ થશે પણ ભાષાનું અધિગ્રહણ નહિ થાય.
- વિધાર્થીઓના કાર્યને જુદી-જુદી રીતે બિરદાવીએ તેમાં એકવિધતા ના આવી જાય તેની કાળજી રાખીએ.
- વિધાર્થીઓના કાર્યને કઇ કઇ રીતે બિરદાવી શકાય ?

.................................................................................................................................................

.................................................................................................................................................

## પ્રવૃત્તિ બાદ

- હમેશા વિધાર્થીઓએ કરેલ પ્રવૃત્તિનું દસ્તાવેજીકરણ કરીએ. જે તમને મુલ્યાંકન કરવામાં ઉપયોગી થશે.
- જાતે વિચારીએ કે સમગ્ર પ્રવૃત્તિ દરમ્યાન વિધાર્થીઓને કઇ બાબતમાં વધુ રસ પડયો ? કયુ કાર્ય કરવામાં તેમને વધુ ઉત્સાહ દાખવ્યો ? કઇ બાબતમાં તેઓ મુશ્કેલી અનુભવતા હતા ?
- ઉપર જેવા પ્રશ્નો પરત્વે વિચાર કરવાથી તેમને હવે પછીની પ્રવૃત્તિઓ અસરકારક રીતે કરવામાં મદદ મળશે.

આ સિવાયની પ્રવૃત્તિ પછી શું કરી શકાય ?

.................................................................................................................................................

.................................................................................................................................................

## 3, Language Functions (ભાષા વ્યવહારો)

ધોરણ ૬ થી ૮ અંગ્રેજી ભાષા શિક્ષણ માટે Unit wise જે Functions આવરી લીધેલ છે તે આ પ્રમાણે છે.

### Language Functions

**Standard – 6**

1. Specifying locations.
2. Making and responding to requests.
3. Indicating time line (Hours – Days – Years) (Present – Past – Future)
4. Describing actions (Present continuous and present habitual)
5. Describing action – Past
6. Describing actions – Future
7. Expressing abilities – can, May, Must

**Standard – 7**

1. Describing and narrating action and events in the past
2. Offering suggestions : accepting – declining
3. Making Comparison
4. Giving and responding to directions and commands.
5. Describing process.

**Standard – 8**

1. Making inquiry
2. Describing and narrating events across time
3. Specifying degree of comparison
4. Expressing modalities (Can, May, Must, Should)
5. Expressing feelings
6. Agreeing and disagreeing and appreciating
7. Expressing casual relationships (Why, because, therefore)
8. Predicting and planning (Future, Simple Present, May, Might)

**4, અંગ્રેજી ભાષાના પાયાના ચાર કૌશલ્યોના વિકાસની પ્રવૃત્તિઓ –**

કોઇપણ ભાષા શીખવી એટલે તેના કૌશલ્યો પર પ્રભુત્વ મેળવવુ. અંગ્રેજી ભાષા શિક્ષણની પ્રક્રિયા દરમિયાન Listening, Speaking, Reading અને Writing આ ચાર કૌશલ્યો સતત શિક્ષકના ધ્યાન પર રહે છે. ભાષાના આ ચાર કૌશલ્યો પ્રવૃત્તિઓ દરમિયાન વિધાર્થીઓમાં વિકસતા હોય છે. પરંતુ શિક્ષક તરીકે આપણે ધ્યાનમાં રાખવાની બાબત એ છે કે આપણે ઉપરોકત ચારમાંથી જે તે પ્રવૃત્તિ માટે કયા કૌશલ્ય પર focus કરવાનું છે. બાકીના કૌશલ્યોનો વિકાસ એ byproducts છે. જો Target Skill પ્રત્યે પ્રવૃત્તિ દરમિયાન સભાનતા નહી કેળવીએ તો વિધાર્થીઓના અન્ય skill પ્રત્યે divert થઇ જવાનો ભય રહે છે. આપણે objective ને ધ્યાને રાખી પ્રવૃત્તિ કરીશુ તો Target કરેલી skill વિધાર્થીઓમાં સિધ્ધ કરી શકીશુ અહી એક skillની પ્રવૃત્તિનું ઉદાહરણ જોઇએ.

Activity : Std – 7, Unit – 2, Page No – 20 Semester – I ની Activity – 6

આ પ્રવૃત્તિ આગળના Reading passage ના સંદર્ભે સંવાદો રચી અને ભજવવાની પ્રવૃત્તિ છે. અહીં આગળના Reading passage ના સંદર્ભમાં જોઇએ તો આ પ્રવૃત્તિ Reading માટેની છે. અહી સંવાદો રચવા માટે વારંવાર આગળની Text વાંચવી પડે છે. અને હેતુ સંદર્ભે જોઇએ તો Comprehension (અર્થગ્રહણ) માટેની Activity ગણી શકાય અહી Byproduct તરીકે Writing skill પણ Inbuilt છે. સાથો સાથ સંવાદો ભજવાતા હશે ત્યારે Listening અને Speaking skill પણ વિકસતી જતી હશે આપણી Target skill reading skill ખાસ કરીને આ પ્રવૃત્તિ માટે છે. માટે આપણુ Focus તેના પર રહેવું જોઇએ.

કોઇ એક Unit પસંદ કરી તેમાંની Activities ને આ ચાર કૌશલ્યો પૈકી કયા કૌશલ્યો પર Focus કરવાનું છે. તે નોંધ રજૂ કરો તથા ચર્ચા કરો.

Standard : Unit No : Unit Name :

| SR. No. | Activity No. | Focused skill |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

સારાંશ : -

આ પ્રકરણમાં આપણે ધોરણ – ૬ થી ૮ અંગ્રેજીના પાઠયપુસ્તકથી અવગત થયા પાઠયપુસ્તકમાં સમાવિષ્ટ પ્રવૃત્તિઓ, Function અને પાયાના ચાર કેશલ્યો Listening, Speaking, Reading અને Writing ની પ્રવૃત્તિઓ પ્રત્યે સભાન થયા. પ્રવૃત્તિઓ સંદર્ભે આપણી દ્રષ્ટિ કેળવી શકાય, તેમજ ચાર કૌશલ્યોની પ્રવૃત્તિઓ તારવવા સુધીનું કામ કરી શકયા. આમ આપણે સમગ્રત: પાઠયપુસ્તકનો Surface Level Study કર્યો.

**Language Functions (ભાષાવ્યવહાર)**

પ્રસ્તાવના :- ભાષા શીખવી એટલે ભાષા (વ્યાકરણના નિયમો, કર્તા, ક્રિયાપદ, કાળ વગેરે જેવી સંકલ્પનાના સ્પષ્ટીકરણો) પ્રાપ્ત કરવા તે નહી પરંતુ વિવિધ પરિસ્થિતીઓમાં કોઇ હેતુ પાર પાડવા માટે ભાષા વ્યવહાર કરવાની આવડત મેળવવી. વ્યકિત પોતાની માનસિક સાંવેગિક સ્થિતી, સામાજિક ભૂમિકા તથા સંસ્કૃતિના સંદર્ભમાં વાસ્તવિક પરિસ્થિતિનું અર્થઘટન કરે છે. અને તેમા પોતાના કોઇ હેતુ (Function) ને નજરમાં રાખીને ભાષા વ્યવહાર કરે છે. આ ભાષા વ્યવહારો કરવા માટે તેમની પાસે કેટલીક ભાષા અભિવ્યકિતઓ (Patterns) જરૂરી બને છે. ધોરણ – ૩ બીજા સત્રથી શરૂ કરી ધોરણ – ૮ સુધી ક્રમિક રીતે ભાષા વ્યવહારો (Functions) મુકવામાં આવેલ છે. આ ભાષા વ્યવહારો શરૂઆતને તબકકે મૌખિક અને આગળ વધતા લેખિત સ્વરૂપે વિકસે તે રીતે આયોજન થયેલ છે. Functions ની સિધ્ધિ અર્થે પ્રવૃત્તિઓની સાંકળ રચવામાં આવેલી છે. પ્રવૃત્તિ દ્વારા Function development પ્રવૃત્તિ જોઇએ અને તેવી પ્રવૃત્તિની સમજ સાથે રચના કરીએ.

ઉદેશો :

(1) Functions વિશે જાણીશું (2) Functions આધારિત પ્રવૃત્તિઓનો વિકાસક્રમ નકકી કરીશું

(3) Functions આધારિત પ્રવૃત્તિઓની રચના કરી શકીશું

**2, Function development**

ધોરણ – ૬ ના functions ની યાદી માંથી અહી એક function development ને પ્રવૃત્તિના અનુસંધાનમાં સમજીએ.

Function : Indicating time line (Hours – Days-Years)

Input activity – 1 :

ઘડીયાળનું વર્કીંગ મોડેલ લો. ઉદાહરણમાં બતાવ્યા મુજબનો ટાઇમ સેટ કરી પ્રશ્ન પુછો:

What time is it ?



- તમેજ જવાબ આપો It is three o'clock.
- આવી રીતે જુદા-જુદા કલાકના સમયગાળા સેટ કરી વિધાર્થીઓને અનુભવો પુરા પાડો.


હવે, વિધાર્થી સમક્ષ ઘડીયાળ રાખી પ્રશ્ન પુછો.

What time is it ?

- વિધાર્થીઓ પાસે જવાબ માંગો.
- વિધાર્થીનો જવાબ ખોટો હોય (વાકય રચનાની દ્રષ્ટિએ) તો પણ સ્વિકારી તમે સાચો જવાબ રજૂ કરો.
- વિધાર્થીની જોડી બનાવી જોડી કાર્યો કરાવો.
- જોડીના એકને ટાઇમ સેટ કરી પ્રશ્ન પુછવાનુ અને બીજાને જવાબ આપવાનુ કહો.
- જોડી બદલતા રહો.
- આજ પ્રમાણે half અને Quarter hour વિશે અનુભવો આપો.

Input activity : 2

નમૂનામાં દર્શાવ્યા પ્રમાણે કાર્ડશીટમાં ઘડીયાળનુ ચિત્ર બનાવો વિદ્યાર્થીઓની જોડી બનાવો.



વગખડના જાડાની સંખ્યા પ્રમાણેના કાર્ડશીટમાં નમૂનામાં આપેલ ઘડિયાળ બનાવો. વિદ્યાર્થીઓને આ કાર્ડ આપો. આપેલ સમય મુજબ કાંટા દોરવા કહો થયેલ કાર્યની રજૂઆત થાય તેને વાકય સ્વરૂપે બોર્ડ પર નોંધો. જેમ કે, It is half past three

Output activity :

- આગળ થયેલ પ્રવૃત્તિના કાર્ડ એકત્ર કરો.
- આ કાર્ડસને એક બોક્ષમાં મુકો, તમે બોક્ષમાંથી કોઇ એક કાર્ડ ઉપાડો, વિદ્યાર્થી સમક્ષ પ્રદર્શિત કરો.
- તેમાં રહેલ time પુરા વાકયમાં બોલો અને બોર્ડ પર નોંધો.
- વિદ્યાર્થીને બોલાવી બોક્ષમાંથી કાર્ડ ઉપાડવા અને બોર્ડ પર નોંધવા કહો જરૂર પડયે માર્ગદર્શન પુરૂં પાડો.

**3, Function આધારિત પ્રવૃત્તિની રચના :**

આગળ આપણે ધોરણ – ૬ ના એક Function ની પ્રવૃત્તિનુ નિદર્શન કર્યુ તમે સુચના પ્રમાણે જૂથમાં કોઇ એક Function લઇ તેની Input અને Output ની પ્રવૃત્તિઓ રચો.

તમારી પ્રવૃત્તિ અહીં રજૂ કરો

**સારાંશ :**

વિદ્યાર્થીઓ ભાષાકીય વ્યવહારો પ્રવાહીત રીતે કરતા થાય એ માટે આપણે Input માટેની એક કે બે પ્રવૃત્તિથી સિમિત ન રહેતા પૂર્ણ અનુભવો મળી રહે તે પ્રમાણે Input આપીએ. Output માટે ધીરજ ધરીએ ઝડપથી Output મેળવવાની આપણી તમન્ના આપણને જ નીરાશા અપાવશે એવું યાદ રાખીએ.

**Vocabulary development**

**પ્રસ્તાવના :-** ભાષાની અભિવ્યકિત માટે ભાષાના વ્યવહારો (Functions) જેટલી જ શબ્દ ભંડોળ (Vocabulary) ની આવશ્યકતા છે. અંગ્રેજી ભાષા શિક્ષક તરીકે આપણો ચિંતાનો વિષય એ છે કે વિદ્યાર્થીઓનું Vocabulary enrichment (શબ્દ સમૃધ્ધિકરણ) કેવી રીતે કરવું. સંદર્ભ વગરના શબ્દોનું ભાષાના પરિપ્રેક્ષ્યમાં ખાસ મહત્વ નથી. શબ્દો જયારે સંદર્ભમાં વપરાતા હોય છે ત્યારે તેમાંથી અર્થ ઉભો થતો હોય છે. માત્ર શબ્દના અર્થ જાણી એ શબ્દનો વ્યવહારમાં ઉપયોગ કરવાથી ઘણીવાર મુશ્કેલી ઉભી થાય છે. દા.ત. 'Thick' શબ્દ માટેની વિદ્યાર્થીની સમજણ ' ગાઢ ' એવી હોય અને તેની સમક્ષ The book is thick. એવું વાકય આવે ત્યારે તે મુંઝવણ અનુભવે છે. પરંતુ આ શબ્દ જુદા-જુદા Context માં તેની સામે આવેલ હોય તો વિદ્યાર્થી મુંઝવણથી મુકત રહી શકે. ધોરણ ૬ થીટ અંગ્રેજી ભાષા શિક્ષણમાં આપણે ધોરણ વાઈઝ આશરે ૫૦૦ શબ્દ વિદ્યાર્થી શીખે તેવી અપેક્ષા રાખેલ છે જે Unit ની પ્રવૃત્તિઓ અને Supplementary reading માં સમાવેશ કરેલ છે.

ઉદ્દેશો :

1, શબ્દભંડોળ વિકસાવવાની પ્રયુકતિઓ જાણી શકીશુ.

2, ધોરણ ૬ થી ૮ અંગ્રેજી પાઠયપુસ્તકોમાં આવેલ શબ્દભંડોળની પ્રવૃત્તિઓથી પરિચિત થઇ શકીશુ.

3, શબ્દભંડોળની પ્રવૃત્તિઓ રચવા સક્ષમ થઇશુ.

**1, શબ્દભંડોળ વિકસાવવાની પ્રયુકિતઓ :**

- Language Games. - Classification. - Brain storming. - Realia. - Authentic Material. - Flash Cards.
- Cross word puzzles. - Riddles.

**2, શબ્દભંડોળ વિકાસની પ્રવૃત્તિની રચના :**

**Standard : 6**
**Unit : 3**
**Activity – 4**

વાર્તા સાંભળો ત્યારબાદ વાર્તા વાંચો અને તમારા મિત્રોને વાંચી સંભળાવો.

**Birju The Brave**

There was a small village in the mountains. The name of the village was Surajpur. There was a big forest all around Surajpur. People in Surajpur were happy. They worked hard and grew good crops.

Birju, a young man, also lived in Surajpur He was tall and handsome. He was afraid of even mouse. He never went out in night. The children teased him, "Birju, the coward."

Once the village Sarapanch received a note from some dacoits.

"We are coming to your village tonight keep all your money and ornaments ready."

The sarapanch called the villagers. He showed them the note.

some villagers wanted to attack the dacoits. Some others said, "We shall trap them."

Birju was also there, He stood up and told the Sarapanch, "Sir, don't worry about the dacoits. I will teach them a lesson."

ઉપરોકત Text નું એક કે બે વખત વર્ગ સમક્ષ Modal reading કરવું modal reading દરમિયાન વિદ્યાર્થીઓને પોતાની નોંધપોથીમાં તેઓ જે નાથી જણતા એવા શબ્દોની નોંધ કરવા કહીએ. આ પ્રક્રિયા દરમિયાન નીચેના જેવા શબ્દો નવા શબ્દો તરીકે મળી આવશે.

- dacoits, mountain, forest, crops ornaments
- handsome, healthy, afraid of, teach a lesson.
- tease, attack, trap

**પ્રથમ step અનુભવો આપવા :**

- ઉપરના શબ્દોની યાદી માંથી પ્રથમ પાંચ શબ્દો વિશે ચિત્રો બતાવી શકાય (Visual)
- પછીના ચાર શબ્દો વિશે પરિસ્થિતિનો contexts ઉભો કરી સમજુતી આપી શકાય. જેમકે (બે છોકરાઓ ઉભા કરી) Raju is a healthy boy. sohan is a weak boy.
- બાકીના શબ્દો action words છે. તે શબ્દો હાવભાવ, ક્રિયા કે ચેષ્ઠા દ્વારા સમજાવી શકાય.

**વિદ્યાર્થીઓને "bingo" game રમાડો.**

- ઉપરના શબ્દોની બોર્ડ પર યાદી કરો.
- વિદ્યાર્થીઓને 3x3 = 9 ખાનાનુ બોક્ષ બનાવવા કહો.
- યાદી માંથી 9 શબ્દો નોંધવા કહો.
- તમે વારાફરતી ક્રમમાં નહી તે રીતે એક – એક શબ્દો બોલતા જાવ.
- વિદ્યાર્થીની યાદીમાં તે શબ્દ હશે તો x કરશે.
- આડી કે ઉભી હરોળ પુરી થશે એટલે વિદ્યાર્થી મોટેથી બોલશે "Bingo".
- બધા ખાનામાં જેને પ્રથમ x થઇ જશે તે બોલશે "Whole Bingo".

વિદ્યાર્થીઓના જૂથ બનાવો દરેક જૂથને ઉપરના શબ્દોની ઉદાહરણ પ્રમાણેની ચીઠ્ઠીઓ આપો જૂથમાં તેમાં રહેલી ખાલી જગ્યાનાં મુળાક્ષર મુકવા કહો. જેમ કે M__un__a__n. દરેક જૂથને તમામ શબ્દો આવી જાય તે રીતે જૂથની સંખ્યા પ્રમાણે ચીઠ્ઠીઓ તૈયાર કરો. સાથો-સાથ આ શબ્દો Reading passageમાં કયાં આવેલા છે તે શોધી તે વાકયો નોંધવા કહો. જૂથવાર રજૂઆત કરો.

જેમ કે M<u>o</u>unt<u>ai</u>n There was a small village in the mountain.

3,	ધોરણ ૬ થી ૮ માંથી એક એક Reading passage પસંદ કરી જૂથમાં Vocabulary development ની પ્રવૃત્તિ વિકસાવો. થયેલ પ્રવૃત્તિનું જૂથમાં Presentation કરો.

તમારી પ્રવૃતી અહી નોંધો.

**સારાંશ :**

આપણે vocabulary enrichment ની પ્રવૃત્તિઓ કેવી હોઇ શકે તે જાણ્યુ સાથો-સાથ આ પ્રવૃતિઓ વર્ગખંડમાં કેવી રીતે પ્રયોજી શકાય તે જોયું. પ્રવૃત્તિઓ રચવા માટેનો આપણે જાત અનુભવ મેળવ્યો. આમ આપણે વર્ગખંડમાં વિધાર્થીઓના શબ્દો ભંડોળ વિકાસ માટે સજ્જ થઇ આત્મવિશ્વાસથી કામ કરી શકીશું.

**Unit development**

**પ્રસ્તાવના :-** આગળના પ્રકરણોમાં આપણે Functions, પ્રવૃત્તિનું સ્વરૂપ, Vocabulany enrichment વગેરે અંતર્ગત ચર્ચા કરી આ બધી બાબતો તેમજ અંગ્રેજી ભાષા શિક્ષણના અભિગમ અંગેની સમજ કેળવ્યા બાદ આપણે આપણા વર્ગખંડમાં અંગ્રેજી ભાષા શિક્ષણ્ના હેતુઓ સિધ્ધ કરવા પાઠયપુસ્તકનો આધાર લઇ કેવી રીતે આગળ વધવાનું છે. તે એક Unit ના નિદર્શનથી જોઇએ.

ઉદ્દેશો :-

1,	Unit ના વિકાસક્રમ થી પરિચિત થઇ શકીશું

2,	Unit અંતર્ગત પ્રવૃત્તિઓના Steps થી પરિચિત થઇ શકીશું

3,	પ્રવૃત્તિનું નિદર્શન કરી પ્રવૃત્તિ કરવા માટે આત્મવિશ્વાસ કેળવી શકીશું

4,	પ્રવૃત્તિનો જાત અનુભવ કરી શકીશું

1,	Standard – 6 Unit : 2, Two : Mo – Chho
Semester – I
Activity _- I

**Why :**

- વિધાર્થીઓ પ્રશ્નોના જવાબ આપે.
- વિધાર્થીઓ સમયને અનુરૂપ સ્થિતિ દર્શાવતા વાકયો સાંભળે
- વિધાર્થીઓ સમયને અનુરૂપ સ્થિતિ દર્શાવતા વાકયો બોલે
- વિધાર્થીઓ સમયને અનુરૂપ સ્થિતિ દર્શાવતા વાકયો વાંચે
- વિધાર્થીઓ વાકય રચનાને આધારે તે વાકયનો સમયગાળો જણાવે
- વિધાર્થીઓ પ્રવૃત્તિને અનુરૂપ વાકયો copy write કરે.

**HOW :**

(1) Activity – 1 દરમિયાન વિધાર્થીઓ પોતાના વિશે અપેક્ષિત વાકયો બોલી ન શકે તેવા સંજોગોમાં આ પ્રવૃત્તિ અટકાવી નીચે પ્રમાણે પ્રવૃત્તિ કરાવવી.

Teacher : મારે ૬ સાથીદાર (Volunteers) ની જરૂર છે

(વર્ગખંડમાં ફરતા રહીને)

(Jayesh is with salim, Suresh is With Maya, Sarita is with Kishor)
(વિધાર્થીઓને તક આપો જેથી તેઓ રસપુર્વક જોડાય)

આ વાકય બોર્ડ પર લખવા જે વિધાર્થીઓના નામ તમે બોલ્યા હો તેમના નામની ચીઠ્ઠીઓ બનાવવી તે વિધાર્થીઓને

વર્ગ સમક્ષ બોલાવી કોઇ એક ચીઠ્ઠી ઉપાડી તે ચિઠ્ઠીમાં જેનું નામ હોય તેની સાથે બેસવા કહેવુ. ચીઠ્ઠીઓ જોડીદારના નામ સહિત બનાવવી જેમકે Maya with Jayesh

ફરીથી વર્ગમાં ફરતા રહી બોલવું

| Then | Now |
|---|---|
| Jayesh was With Salim | Jayesh is with Maya |
| Suresh was with Maya | Suresh is with Kishor |
| Sarita was with Kishor | Sarita is with Salim |

હવે, આ વાકયો ઉપર દર્શાવ્યા પ્રમાણે બોર્ડ પર લખવા તે પછી તે દરેક વિધાર્થીને નીચે પ્રમાણે બોલવા કહેવું

Jayesh : I was with Salim. I am with Maya

જરૂર પડેતો Jayesh માટેનું વાકય તમે બોલો અને Jayesh એ વાકય નુ પુનરાવર્તન કરે.

- બીજા ૬ વિધાર્થીઓ સાથે આ પ્રવૃત્તિ ફરીથી કરો.

- ત્રીજી વાર આ પ્રવૃત્તિ કરાવતી વખતે નીચેની Sentence Pattern અપનાવો sat અને is sitting રંગીન ચોકથી લખો.

| |
|---|
| Manohar sat with Kiran Manohar is sitting with Chintan |

2 વિધાર્થીઓને નીચે જેવા પ્રશ્નો પૂછતા જઇ જવાબ મેળવો જો વિધાર્થીઓ આખો પ્રશ્ન ન સમજી શકતા હોય તો પ્રશ્નના અર્થગ્રહણ માટેના ઉપયોગી શબ્દો જે અહી Underline થી દર્શાવ્યા છે તે ફરી ફરી બોલો. અભિનય સાથે પ્રશ્ન પુછો. ગુજરાતી કરશો નહી.

- Who was your <u>class teacher</u> <u>last year</u> ?
- Where was your <u>class t\room</u> <u>last year</u> ?
- When was your <u>turn for prayer</u> <u>last year</u> ?
- Who taught you <u>English</u> <u>last year</u> ?
- Did you <u>study Sanskrit</u> <u>last year</u> ?

- બોર્ડ પર નીચે પ્રમાણેનો કોઠો બનાવી લો અને તેમાં જવાબ નોંધો.

| | Last Year 2013-14 | This Year 2014-15 |
|---|---|---|
| Class Teacher | | |
| Class room | | |
| turn for prayer | | |
| English teacher | | |
| Sanskrit | | |
| Principal | | |

- હવે નીચે પ્રમાણેના પ્રશ્નો પૂછી જવાબ કોઠામાં નોંધો.

- Who is your class teacher this year ?
- Where is your class room this year ?
- ......................................................................
- ......................................................................
- ......................................................................
- ......................................................................

- જો તમે બન્ને પ્રકારના પ્રશ્નો Rollup board પર લખીને તે વર્ગમાં લટકાવી રાખીને પુછો તો તેનાથી વિધાર્થીઓને બંને પ્રકારના પ્રશ્નોની વાકય રચનાની સરખામણીની તક મળશે. તેમજ Incidental reading ની પણ તક મળશે.

- કોઠાને આધારે તમે નીચેના વાકયો બોલતા જાઓ અને તે વાકયોની વાકયપટ્ટી બનાવતા જાઓ.

Sadhanaben was our class teacher last year Varshaben is our class teacher this year.
Our classroom was near standard – 4 last year. Last year our turn for prayer was on Thursday.

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

- બાર Volunteers ને વર્ગ સમક્ષ બોલાવો બાકીના વર્ગના બે જૂથ પાડો This year – Last Year Volunteers ને એક એક વાકયપટ્ટી આપો. દરેક Volunteer પોતાની વાકય પટ્ટી મોટેથી વાંચે જરૂર પડયે તે બીજા વિધાર્થીની કે તમારી મદદથી પણ વાંચે વર્ગના વિધાર્થીઓ તે વિધાર્થી કયા જૂથમાં જશે. તે નકકી કરે. અંતે બન્ને પોતાના જૂથના વાકયો નોટબુકમાં Copy write કરે.

Activity – 2

Why :

- ભેગી થઇ ગયેલી વિગતોને છુટી પાડે.
- ભેગી થઇ ગયેલી વિગતોને છુટી પાડવા માટે પોતે અપનાવેલ ધારણા રજૂ કરે.
- ક્રિયાઓના કાળસુચક શબ્દોની\ શબ્દરચનાની સરખામણી કરે
- પ્રવૃત્તિને અનુરૂપ Copy write કરે.
- પોતાના અનુભવને આધારે શબ્દોના અર્થ સંદર્ભમાં જણાવે
- શબ્દોના અર્થ સંદર્ભમાં સાંભળે.

**HOW :**

(1-A) Activity – 2 ના ફકરાનુ આદર્શ પઠન કરો વિધાર્થીઓને પૂછો કે આ ફકરામાં કયા બે Festivals ની વિગતો ભેળસેળ થઇ ગઇ છે ? આ પ્રશ્નો ને વધુ સરળ કરવાની જરૂર જણાય તો એમ પૂછી શકાય કે આ ફકરમાં Diwali/Chritmas શબ્દ કેટલી વાર આવે છે.? ત્યાર બાદ બોર્ડ પર Diwali અને Chritmas એ બે વિગતો પાડો ફકરાનું એક-એક વાકય વાંચતા જાઓ અને વર્ગને પુછતા જાઓ કે આ વાકય કયા Festival ની નીચે લખવું વિધાર્થીઓને એ પણ પૂછો કે તેમને કઇ રીતે ખબર પડી કે આ વાકય અમુક તહેવારનું જ છે. તમે જોશો કે આ ફકરાના કેટલાક વાકયો બન્ને તહેવારોને લાગુ પડે તેમ છે. તેવા વાકયો અંગે વર્ગમાં ચર્ચા ઉભી કરો અને બંને વિભાગમાં તે વાકય લખો આવા વાકયો શોધીને અહીં નોંધો.

1, ..........................................................................................................................

2, ..........................................................................................................................

3, ..........................................................................................................................

- તમે બોર્ડ પર છુટા પાડેલ બે ફકરા વિધાર્થીઓને Copy – Write કરવા કહો.

- વિધાર્થીઓને ત્રણના જૂથમાં કામ કરવા કહો દરેક જૂથ પોતે Copy Write કરેલા ફકરાઓને આધારે Page No. 19 પરનો કોઠો ભરે.

- ચર્ચા કરો કે કોઠાના શબ્દ સમૂહોમાં કયા શબ્દો સામાન્ય ફેરફાર સાથે Repeat થાય છે. જરૂર જણાયે ઉદાહરણ આપો જેમકે Celebrate સુધી શબ્દ સરખો છે પછીથી બદલાય છે.

B, તે જ જૂથને જૂથકાર્ય કરી આ પ્રવૃત્તિ કરવા કહો દરેક જૂથ પોતાનો પાઠયપુસ્તકોની અદલાબદલી કરી ચકાસણી કરે અંતે એક-એક વાકયની સામૂહિક ચર્ચા કરી વાકયો છુટા પાડીને બને ફકરા બોર્ડ પર નોંધો.

- પ્રવૃત્તિ – A ની જેમ અહીં પણ વિધાર્થીઓને કોઠો બનાવી મહત્વના શબ્દ સમુહ નોંધવાનું કહી શકાય.

2 ફકરાનું આદંશ પઠન કરો. વિધાર્થીઓને કહો કે તમે ફરીથી એક – એક વાકય વાંચશો અને તેમાંથી કોઇ ચોકકસ શબ્દો અલગથી બોલશો. જો તે વિધાર્થીઓ એ શબ્દનો અર્થ જાણતા હોય તો Know બોલે અને ન જાણતા હોય તો No બોલે.